RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 327, Dt.11-03-2024 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ચૂંટણી બોન્ડના ડેટા કાલ સુધીમાં જાહેર કરવા સુપ્રીમ આદેશ



## ઈલેક્ટ્રોલ બોન્ડના ડેટા આપવામાં ગલ્લાતલ્લા કરતી એસબીઆઈને કોર્ટે લગાવી ફટકારઃ ચૂંટણી બોન્ડ પર સુપ્રીમે મુકયો હતો પ્રતિબંધઃ સીજેઆઈએ એસબીઆઈને પૂછયા તીખા સવાલ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ચૂંટણી બોન્ડ પર પ્રતિબંધ મૂકાયા બાદ સુપ્રીમકોર્ટે એસબીઆઈ બેન્કને આ બોન્ડ ખરીદનારા અને તેને રોકડમાં વટાવનારાઓની તમામ વિગતો અને આંકડા જાહેર કરવા કહ્યું હતું. જોકે હજુ સુધી કોઈ કાર્યવાહી ન કરવામાં આવતા ફરી એકવાર આ મામલો સુપ્રીમકોર્ટ પહોંચ્યો હતો. સુપ્રીમકોર્ટમાં એસબીઆઈએ માગ કરી હતી કે તેમને વધુ સમય આપવામાં આવે અને જૂન પછી આંકડા જાહેર કરવામાં આવે. હવે આ મામલે સુપ્રીમકોર્ટે એસબીઆઈને આવતીકાલે જ વિગતો જાહેર કરવા આદેશ કરી દીધો છે. એટલે કે દેશની સૌથી મોટી બેન્કે ૧૨ તારીખે ચૂંટણી બોન્ડને લગતી તમામ વિગતો જાહેર કરવી પડશે. આ સાથે જ ચૂંટણીપંચને કહેવામાં આવ્યું કે ૧૫ માર્ચ સુધી તે આ વિગતો વેબસાઈટ પર અપલોડ કરે.

સુનાવણી દરમિયાન સીજેઆઈના નેતૃત્વ હેઠળની બેન્ચે એસબીઆઈ દ્વારા ચૂંટણી બોન્ડ અંગેના આંકડાઓ જાહેર કરવામાં થઈ રહેલા વિલંબને લઈને સવાલો ઊઠાવ્યા હતા. તેમણે એસબીઆઈ વતી હાજર વકીલ હરીશ સાલ્વેને કહ્યું હતું કે જો તમે કહી રહ્યા છો કે અમારી પાસે આ કવરમાં તમામ વિગતો છે કે કોણે ખરીદયા છે અને કઈ રાજકીય પાર્ટીએ તેને રોકડમાં વટાવ્યાં છે તો પછી વિગતો જાહેર કેમ નથી કરતાં? કવર ઓપન કરો અને વિગતો આપો. આ દરમિયાન એસબીઆઈએ ત્રણ અઠવાડિયાનો સમય માગ્યો હતો જેના પર સુપ્રીમકોર્ટે સ્પષ્ટ કહી દીધું કે તમે કવર ઓપન કરો અને ચૂંટણી પંચને વિગતો આપો જેથી સૌની સામે આવી શકે.

સુનાવણી દરમિયાન એક સમયે સીજેઆઈએ એસબીઆઈના વકીલ હરીશ સાલ્વેને પૂછયું હતું કે અગાઉ અમે આ મામલે ૧૫ ફેબ્રુઆરીએ સુનાવણી કરી હતી તમને વિગતો જાહેર કરવા નિર્દેશ આપી દીધો હતો. હવે આપણે ૧૧ માર્ચે મળ્યાં છીએ. આ દરમિયાન ૨૬ દિવસ વીતી જવાં છતાં એસબીઆઈ દ્વારા અમારા નિર્દેશો પર શું કાર્યવાહી કરવામાં આવી તે જવાબ આપશો? તમે કોઈ કાર્યવાહી નથી કરી. એસબીઆઈએ કોઓપરેટ કરવાની જરૂર છે.

# દિલ્હીમાં આજે ભાજપ-કોંગ્રેસની કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક

## લોકસભાની ચૂંટણીની જાહેરાત પૂર્વે ઉમેદવારોને પસંદ કરવા રાજકીય પક્ષોની દોટ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આગામી લોકસભા ચૂંટણી માટે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા તેજ બની છે અને આજે ભારતીય જનતા પક્ષની કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક ફરી એક વખત મળશે અને તેમાં ગુજરાતની ૧૧ સહિતની દેશની બાકીની ૨૦૦ બેઠકો માટે ભાજપ ઉમેદવારોની પસંદગી કરે તેવી શકયતા છે. આવતીકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત આવી રહ્યા છે અને તેમની વિદાય બાદ ગુજરાતના નામોની જાહેરાત થાય તેવી ધારણા છે ખાસ કરીને જે રીતે વિપક્ષ દ્વારા આખરી ઘડીના ગઠબંધનો અને ઉમેદવારોની જાહેરાત થઇ રહી છે તે વચ્ચે હવે ભાજપ પર સૌની મીટ છે

પક્ષે મહારાષ્ટ્ર, ઓડિસા, આંધ્રપ્રદેશ, બિહાર, કર્ણાટક, હરિયાણામાં તેના સાથી પક્ષો સાથે બેઠક સમજુતી કરી લીધા હોવાના સંકેત છે. જોકે મહારાષ્ટ્ર હજુ કોકડુ ગુચવાયું છે પરંતુ તે પણ આજે સાંજ સુધીમાં ઉકેલી લેવાશે અને તેમાં નામોની પસંદગી પણ થઇ જશે. ભાજપે ૩૭૦ બેઠકોનો ટાર્ગેટ રાખ્યો છે અને બીજી તરફ વિપક્ષોમાં કોંગ્રેસે અત્યાર સુધીમાં ફકત ૩૯ બેઠકોના ઉમેદવારો જાહેર કર્યા છે અને



આ પક્ષની પણ કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક દિલ્હીમાં મળશે. ગઇકાલ સુધી ગુજરાતમાં ભારત જોડો ન્યાય યાત્રામાં વ્યસ્ત રાહુલ ગાંધીએ આજે એક દિવસનો વિરામ લીધો છે અને તેઓ દિલ્હીમાં પક્ષની ચૂંટણી સમિતિની બેઠકમાં હાજરી આપશે તેવા સંકેત છે. ખાસ કરીને પક્ષે કર્ણાટક, રાજસ્થાન, છતીસગઢ, હરિયાણા, તામિલનાડુ અને મધ્યપ્રદેશ તેમજ ગુજરાત અને મહારાષ્ટ્ર સહિતના તમામ મોટા રાજયોમાં તેના ઉમેદવારો નકકી કરવાના બાકી છે જે ૩૯ ઉમેદવારો જાહેર કર્યા છે તેમાંથી ૧૬ કેરળમાંથી છે, ૭ કર્ણાટક, ૬ છતીસગઢ અને ૪ તેલંગણામાંથી છે.

# અશાંતધારા વિસ્તારમાં મકાન ખાલી કરાવવાના ડે.કલેકટરના આદેશ પર હાઈકોર્ટનો સ્ટે

## સુરતના એક કિસ્સામાં અધિકારીઓ અદાલત ન હોવાની ગુજરાત હાઈકોર્ટે કરી ટીપ્પણી

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

રાજકોટ સહીત રાજયનાં અનેક શહેરોનાં ચોકકસ વિસ્તારોમાં લાગુ કરાયેલા અશાંત ધારા કાયદાને વ્યાપક અસર થઈ શકે તેમ હોય તેમ ગુજરાત હાઈકોર્ટે સુરતનાં એક કિસ્સામાં અધિકારીઓ અદાલત ન હોવાની ટીપ્પણી કરીને મિલકત ખાલી કરાવવાનાં આદેશ પર મનાઈ હુકમ આપ્યો છે.

અશાંત ધારા કાયદા હેઠળ ફરજીયાત પૂર્વ મંજુરી મેળવ્યા વિના મકાન ખરીદ કરનારને મકાન ખાલી કરવાનાં મહેસુલ વિભાગનાં આદેશ પર હાઈકોર્ટે સ્ટે આપ્યો હતો. ગુજરાત હાઈકોર્ટનાં જસ્ટીસ વી.ડી.નાણાંવટીએ સુરતના ડેપ્યુટી કલેકટરનાં ૭ નવેમ્બર ૨૦૨૩ ના મકાન ખાલી કરવાના આદેશ પર રોક લગાવી હતી અને ઓથોરીટી સીવીલ કોર્ટની



ભૂમિકા ન નિભાવી શકે તેવી ટીપ્પણી સાથે પરિવારને ઘરમાંથી બહાર નહી કાઢવાનો ચુકાદો આપ્યો હતો.

આ કેસ સુરતનાં લિંબાયતનો છે. આ વિસ્તારમાં અશાંત ધારા કાયદો ૧૯૯૧ લાગુ છે જેમાં સ્થાવર મિલકતોના બારોબાર ખરીદ-વેંચાણ પર પ્રતિબંધ છે.સરકારની પૂર્વ મંજુરી વિના કોઈપણ સ્થાવર મિલકતની ખરીદી કે વેંચાણ થઈ શકતુ નથી અને બે અલગ કોમ વચ્ચે આવા વ્યવહારો હોય તો વધુ ઉંડાણપૂર્વક ચકાસણી થાય છે. આ કેસમાં રૂસ્તમ ગ્રુપ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટીમાં મકાન ધરાવતા પુરૂષોતમ ઉમરેડકર પોતાનું મકાન રજીવા ખાતિકને વેચવા માંગતા હતા. અને અશાંત ધારા કાયદા અંતર્ગત તેઓએ ઓગસ્ટ ૨૦૨૨ માં કલેકટર તંત્રમાં અરજી કરી હતી. કલેકટર તંત્ર દ્વારા કોઈ જવાબ અપાયો ન હતો. ત્યારે ઓગસ્ટ ૨૦૨૩ માં તેઓએ હાઈકોર્ટનાં દ્વાર ખખડાવ્યા હતા. વડી અદાલતે આઠ સપ્તાહમાં ફેંસલો કરવા કલેકટર તંત્રને આદેશ કર્યો હતો. ડેપ્યુટી કલેકટરના આ આદેશ સામે પુરૂષોતમ ઉમરેડકરે ફરી હાઈકોર્ટનાં દ્વાર ખખડાવ્યા હતા અને એવી દલીલ કરી હતી કે પત્નીની તબીબી સારવાર માટે નાણાંની જરૂર હતી અને એટલે મકાન મુસ્લીમ પરિવારને વેંચી નાખ્યુ હતું. કલેકટર તંત્રમાં અરજી કરવા છતાં નિર્ણય લેવાયો ન હતો.

નિર્ણય લેવાયો ત્યારે કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતોનો ભંગ થયો હતો. પાડોશીઓનાં વાંધાને આગળ ધરીને અરજી નકારવામાં આવી હતી. તે હાઈકોર્ટે ધ્યાને લીધી ન હતી અને મકાન ખાલી કરાવવાનાં આદેશ પર મનાઈ હુકમ ફરમાવ્યો હતો.

# નોટબંધી, GST, કોરોના જેવા આર્થિક આંચકાથી વપરાશ વૃદ્ધિ દરને અસર

## વાસ્તવિક ગ્રામીણ વપરાશ ૨૦૧૨ અને ૨૦૨૩ની વચ્ચે ૩.૧ ટકાના સીએજીઆરથી વધ્યો છે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

નોટબંધી, જીએસટીના અમલીકરણ અને ત્યારબાદ કોરોના મહામારીને કારણે નોંધાયેલા સતત આર્થિક આંચકાને કારણે, છેલ્લા દાયકામાં વપરાશ વૃદ્ધિ દર તે પહેલાના દાયકા કરતાં ઓછો હોઈ શકે છે તેમ નોમુરાએ જારી કરાયેલા તાજેતરના એશિયા ઇકોનોમિક મંથલી રિપોર્ટમાં જણાવ્યું છે.

અહેવાલમાં જણાવાયું છે કે સતત બે વપરાશ સર્વેક્ષણો (૨૦૧૧-૧૨ અને ૨૦૨૨-૨૩ના સમયગાળા દરમિયાન વૃદ્ધિ દર)માં શહેરી અને ગ્રામીણ બંને વિસ્તારોમાં વપરાશનો ચક્રવૃદ્ધિ સરેરાશ વૃદ્ધિ દર અગાઉના



સમયગાળાની વૃદ્ધિ સાથે સરખાવાય છે. નેશનલ સ્ટેટિસ્ટિકલ ઑફિસ દ્વારા ફેબ્રુઆરીમાં બહાર પાડવામાં આવેલા તાજેતરના હાઉસહોલ્ડ કન્ઝમ્પશન એકસપેન્ડિચર સર્વેનું પૃથ્થકરણ કરીને વૈશ્વિક રોકાણ બેન્કર આ નિષ્કર્ષ પર આવ્યા છે.


નોમુરાની ગણતરી મુજબ, વાસ્તવિક ગ્રામીણ વપરાશમાં ૨૦૧૨ અને ૨૦૨૩ વચ્ચે ૩.૧ ટકાનો સીએજીઆર જોવા મળ્યો છે, જે ૨૦૧૦-૧૨ની વચ્ચે ૬.૬ ટકા હતો.

આ સમયગાળા દરમિયાન વાસ્તવિક શહેરી વપરાશમાં વૃદ્ધિ ૨.૬ ટકા રહી છે, જે અગાઉ ૫.૨ ટકા હતી. ૨૦૦૫-૧૦ના સમયગાળા દરમિયાન, વાસ્તવિક દ્રષ્ટિએ ગ્રામીણ અને શહેરી વપરાશ અનુક્રમે ૪ ટકા અને ૪.૪ ટકા વધ્યો હતો.

# નાની બચત યોજનાઓના વ્યાજદરોમાં ફેરફાર નહીં:સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના એપ્રિલ-જૂન ક્વાર્ટર માટે વ્યાજ દરો સ્થિર રાખ્યા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સરકારે એપ્રિલ-જૂન ક્વાર્ટર માટે તમામ નાની બચત યોજનાઓના વ્યાજ દરોમાં કોઈ ફેરફાર કર્યો નથી. નાણા મંત્રાલયે શુક્રવારે (૮ માર્ચ) એક સૂચના જારી કરીને આ માહિતી આપી છે.



નાણા મંત્રાલયે નોટિફિકેશનમાં જણાવ્યું છે કે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ ત્રિમાસિક ગાળા માટે ૧ એપ્રિલ ૨૦૨૪થી શરૂ થઈને ૩૦ જૂન ૨૦૨૪ના રોજ સમાપ્ત થનારી નાની બચત યોજનાઓના વ્યાજ દર નાણાકીય વર્ષનાં ચોથા ક્વાર્ટરની જેમ જ રહેશે. ૨૦૨૩-૨૪ (૧ જાન્યુઆરી ૨૦૨૪ થી ૩૧ માર્ચ ૨૦૨૪) સૂચિત દરોમાંથી યથાવત રહેશે.

આનો અર્થ એ થયો કે એપ્રિલ-જૂન ૨૦૨૪-૨૫ના ત્રિમાસિક ગાળા માટે પબ્લિક પ્રોવિડન્ટ ફંડ પર ૭.૧% વ્યાજ દર ચાલુ રહેશે. સરકાર નાની બચત યોજનાઓના વ્યાજ દરો પર નિર્ણય લેતા પહેલા દેશની તરલતાની સ્થિતિ અને ફુગાવા પર પણ નજર રાખે છે. જો કે, PPF, NSC અને KVP સહિતની નાની બચત યોજનાઓ પરના વ્યાજ દરોની દર ક્વાર્ટરમાં સમીક્ષા કરવામાં આવે છે. નાની બચત યોજનાઓ પર વ્યાજ દર ૪%થી ૮.૨%ની વચ્ચે છે.

૨૯ ડિસેમ્બરે, સરકારે જાન્યુઆરી-માર્ચ ૨૦૨૪ ક્વાર્ટર માટે નાની બચત યોજનાઓના વ્યાજ દરોની જાહેરાત કરી હતી. ત્યારબાદ સુકન્યા સમૃદ્ધિ યોજનામાં ૦.૨૦% અને ૩ વર્ષના સમયની થાપણ દરમાં ૦.૧૦%નો વધારો કરવામાં આવ્યો હતો. જ્યારે અન્ય યોજનાઓના દરોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

અગાઉ, સરકારે ઓક્ટોબર-ડિસેમ્બર માટે આરડી પરના દરમાં ૦.૨૦%નો વધારો કર્યો હતો. અગાઉ સુકન્યા સ્કીમનો વ્યાજ દર ૮% હતો અને ત્રણ વર્ષની ટાઈમ ડિપોઝીટનો વ્યાજ દર ૭% હતો. આ સતત છઠ્ઠું ક્વાર્ટર હતું જ્યારે આ યોજનાઓના દરમાં વધારો થયો હતો. નાણા મંત્રાલયે સતત નવ ક્વાર્ટર સુધી નાની બચત યોજનાઓના વ્યાજ દરોમાં કોઈ ફેરફાર કર્યો નથી. આ પછી ઓક્ટોબર-ડિસેમ્બર ૨૦૨૨થી તેમાં વધારો થવા લાગ્યો. બેટી બચાવો બેટી પઢાવો અભિયાનના ભાગરૂપે ૨૨ જાન્યુઆરી ૨૦૧૫ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સુકન્યા સમૃદ્ધિ યોજના શરૂ કરવામાં આવી હતી. આ યોજના દીકરીના શિક્ષણ અને લગ્નના ખર્ચને પહોંચી વળવા માટે છે.

દીકરીની ઉંમર ૧૦ વર્ષથી ઓછી હોવી જોઈએ. દીકરી માટે માત્ર એક જ ખાતાની મંજૂરી છે. કુટુંબ ફક્ત બે જ્જ્ઢ ખાતા ખોલી શકે છે. જ્જ્ઢ એકાઉન્ટ બેંક અથવા પોસ્ટ ઓફિસની મુલાકાત લઈને ઑફલાઇન ખોલી શકાય છે.

આમાં લઘુત્તમ રોકાણ પ્રતિ વર્ષ ₹૨૫૦ છે. મહત્તમ રોકાણ પ્રતિ વર્ષ ₹૧,૫૦,૦૦૦ છે. પાકતી મુદત ૨૧ વર્ષ છે. આ માટે દીકરીનું જન્મ પ્રમાણપત્ર, માતા-પિતા અથવા કાનૂની વાલીનો ફોટો આઈડી અને સરનામાનો પુરાવો આપવાનો રહેશે.

# ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાનો શાંતિપૂર્ણ વાતાવરણમાં પ્રારંભ

## પરિક્ષાર્થીઓનું કુમકુમ તિલક કરી કરાયું સ્વાગતઃ ભાષાનું પ્રથમ પેપર સરળ નીકળતાં વિદ્યાર્થીઓ ખુશખુશાલઃ કલેકટરે કહ્યું ઓલ ધી બેસ્ટ









(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ધો.૧૦ - ૧૨ની પરીક્ષાઓનો પ્રારંભ : વિદ્યાર્થીઓના જીવનમાં બોર્ડની પરીક્ષા તેમની કારકિર્દીને આગળ વધારવા અગત્યનું પગથીયું છે. આજથી શરૂ થયેલ ધો. ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષામાં રાજકોટ શહેર - જિલ્લાના ૮૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે ત્યારે શહેરની વિવિધ શાળાઓમાં ચુસ્ત વ્યવસ્થા કરવામાં આવી છે. ઉપરોકત તસ્વીરમાં વિદ્યાર્થીઓને મુકવા આવેલ માતા-પિતા, પરિવારજનો દર્શાય છે.કલેકટર પ્રભવ જોશી, એસ.પી. જયપાલસિંહ રાઠોડ, ડીડીઓ સહિતના અધિકારીઓએ વિદ્યાર્થીઓને પુષ્પગુચ્છ આપી શુભેચ્છાઓ પાઠવી હતી. શહેરની ધોળકીયા સ્કુલ, મોદી સ્કુલ તથા ન્યુ એરા સ્કુલ ખાતે વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી મોઢા મીઠા કરાવવામાં આવ્યા હતા.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષા આજથી શરૂ થઈ ગઈ છે. પરીક્ષાને લઈને બોર્ડ દ્વારા તમામ તૈયારીઓ કરી દેવામાં આવી હતી. ધોરણ ૧૦નું ગુજરાતી, અંગ્રેજી, ઉર્દૂ, હિન્દી અલગ અલગ મીડિયમની પ્રથમ ભાષાનું પેપર આજે ૧૦થી ૧.૧૫ સુધી ચાલશે. આથી વહેલી સવારથી વિદ્યાર્થીઓ પરીક્ષા કેન્દ્રો પર પહોંચ્યા હતા. પ્રથમ પેપરને લઈને વિદ્યાર્થીઓમાં અનોખો ઉત્સાહ જોવા મળ્યો હતો. પરીક્ષા કેન્દ્રોમાં વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી પ્રવેશ આપ્યો હતો. વિદ્યાર્થીઓ પેપર પૂર્ણ કરીને પરીક્ષા કેન્દ્રોની બહાર નિકળી રહ્યા છે. વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે, પહેલું પેપર મસ્ત રહ્યું, લખવાની બહુ જ મજા આવી, એકદમ સરળ હતું. ધો. ૧૦નું પેપર પૂર્ણ થયા બાદ આન્સર કી પોલીસ બંદોબસ્ત વચ્ચે ઝોનમાં મોકલાઈ છે.

આજે ધો.૧૦નું પ્રથમ ભાષા ગુજરાતી, અંગ્રેજી, ઉર્દુ વિષયનું પેપર શાંતિપૂર્ણ માહોલમાં પૂરૂ થયું છે. પ્રથમ પેપર સરળ રહેતા વિદ્યાર્થીઓમાં ખુશી જોવા મળી હતી. અંગ્રેજી માધ્યમના પેપરમાં વિમેન્સ સ્ટેટસ ઓફ ઇન્ડિયા અને એર પોલ્યુશન પર નિબંધો પૂછાયા હતા. અમદાવાદમાં યોજાયેલી વર્લ્ડ કપની ફાઈનલ મેચ પર તમારા તારણો પર લેટર સ્ટોરી પૂછાઇ હતી. ગુજરાતી માધ્યમમાં દીકરી ઘરની દીવડી, મારો યાદગાર પ્રવાસ અને આપણા ઘડવૈયા બાંધવ આપણે પર નિબંધ પૂછાયો હતો. ગુજરાતી વિષયના પેપરમાં વૃક્ષારોપણ પર અહેવાલ પૂછાયો હતો. પરીક્ષા પદ્ધતિ બદલાઈ હોવાથી વિદ્યાર્થીઓને પેપર વધુ સરળ લાગ્યું હતું.

# મોરબીમાં નશાયુક્ત કોડીન કફ સીરપના ગુન્હાનો મુખ્ય સૂત્રધાર રવિ કંડીયા ઝડપાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી એલસીબી પોલીસે રંગપર ગામે ગોડાઉનમાં દરોડો પાડી નશીલા કોડીન સીરપના કાળો કારોબારનો પર્દાફાશ કરી કુલ ૧.૮૪ કરોડની નશાયુક્ત કોડીન સીરપની ૯૦ હજાર બોટલ સાથે ગોડાઉન સંચાલક સહીત ત્રણ આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા હતા. જયારે આ સમગ્ર ગુનાનો ફરાર માસ્ટર માઈન્ડ આરોપી રવિ કંડીયાની પોલીસે વિધિવત અટકાયત કરી સમગ્ર સીરપ કાંડની તપાસમાં વધુ કડીઓ જોડવા આરોપી રવિ કંડીયાની રિમાન્ડની



માંગણી સાથે કોર્ટમાં રજુ કરાશે.

મળતી માહિતી અનુસાર મોરબી એલસીબી પોલીસે ગત તા.૦૩/૦૩ના રોજ મોરબીના રંગપર ગામની સીમમાં આવેલ આર ટાઇલ નામના ગોડાઉનમાં દરોડો પાડી ચોખાની આડમાં ત્રિપુરાથી કોડીન શીરપનો વિશાળ જથ્થો ઝડપી લઈ આરોપી એવા ગોડાઉન સંચાલક મનીષભાઇ હરીભાઇ ઝાલાવાડીયા તથા ટ્રક નં ઝજ-૦૬-અઇ-૭૭૮૯નો ચાલક સરફરાજભાઇ રબ્બાનીભાઇ સૈયદ, ટ્રક કલીનર- મહમદઅબ્દુલકરીમ મહમદ અબ્દુલ રહેમાનની સ્થળ ઉપરથી અટકાયત કરવામાં આવી હતી. જયારે સમગ્ર નશાયુક્ત સીરપકાંડનો માસ્ટર માઈન્ડ એવો આરોપી રવીકુમાર મહીપતભાઇ કંડીયા રહે. જેતપર (મચ્છુ) તા.જી.મોરબી વાળો પોલીસના દરોડામાં હાજર મળી આવેલ ન હોય જેથી તેને ફરાર દર્શાવી તેને પકડી લેવા પોલીસ દ્વારા શોધખોળ શરૂ કરવામાં આવી હતી. ત્યારે રવિકુમાર મહીપતભાઈ કંડીયા ઝડપાતા હાલ પોલીસે મુખ્ય સૂત્રધાર આરોપીની વિધિવત ધરપકડ કરી રિમાન્ડ માટે કોર્ટમાં રજૂ કરવા તજવીજ શરૂ કરી છે.

## જામનગરની જિલ્લા જેલમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા બે કેદીઓને સારી વર્તુણકને કારણે જેલમુક્ત કરાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની જિલ્લા જેલમાં જેલવાસ ભોગવી રહેલા પાકા કામના બે કેદીઓ, કે જેઓને આજીવન કેદની સજા ફટકારાઈ છે, પરંતુ તેઓની સારી વર્તણૂકને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર દ્વારા તેઓને મુક્તિ આપવામાં આવી છે, અને જેલ મુક્ત કરાયા છે.ગુજરાત રાજ્યના ગૃહ વિભાગના ડો.કે.એલ.એન.રાવ દ્વારા આજીવન કેદની સજા પામેલા અને ૧૪ વર્ષ પુર્ણ કરેલા હોઈ અને જેલમાં સારી વર્તણુક ધરાવતા કેદીઓને વહેલી તકે માફી મળે તે માટેના હકારાત્મક પ્રયત્નોનો થકી આજે તા.૯-૩-૨૦૨૪ ના રોજ ગૃહ વિભાગ, ગુજરાત સરકારના આદેશોનુસાર અત્રેની જામનગર જિલ્લા જેલ ખાતે આજીવન કેદની સજા ભોગવતા બે પાકા કેદીઓ જીતેન્દ્ર ઉર્ફે વેલીયો સવજીભાઈ વાઘોડીયા અને કરશન વીશાભાઈ ખાંભલાને ઈછઈ-૪૩૨ હેઠળ બાકીની સજા માફ કરી વહેલી જેલ મુકિત ઉપર છોડવાનો હુકમ કરાયો હતો.જે બન્ને કેદીઓને શરતો આધિન આજરોજ જેલ મુક્ત કરાયા છે. તેમજ તેમના જેલ જીવનના અનુભવો રેકોર્ડીંગ કરવામાં આવેલ છે, તથા તેઓને ફુલહાર કરી મીંઠુ મોઢું કરાવી ધાર્મિક પુસ્તકો તેમજ પોતાની પોસ્ટની પાસબુક આપી સમાજમાં પુન:સ્થાપનની શુભેચ્છાઓ પાઠવી જેલ મુક્ત કરવામાં આવ્યા છે.



# જામનગરમાં અંધાશ્રમ રેલવે ઓવરબ્રિજ નીચે લૂંટ ચલાવનારા બે ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર માં અંધાશ્રમ રેલવે ઓવર બ્રીજ નીચે નાં વિસ્તાર માં એક હોટલ બોયને બે લૂંટારૂઓ એ ભય બતાવી તેના હાથમાંથી રૂપિયા ૨૦,૦૦૦ ની કિંમત નું ચાંદીનું કડું અને રૂપિયા ૧૦,૦૦૦ ની કિંમત નો મોબાઇલ ફોન લૂંટી ગયા હતા .પોલીસે આ બનાવ નો ભેદ ઉકેલ્યો છે.અને બંને લુટારુ ને ઝડપી લીધા છે.જામનગરમાં તિરુપતિ સોસાયટીમાં રહેતો અને એક ચા ની હોટલમાં નોકરી કરતો દેવશીભાઈ પરબતભાઈ નામનો ૨૧ વર્ષનો યુવાન પરમ દિવસે રાત્રે અંધશ્રમ ઓવરબ્રિજ નીચે લઘુશંકા માટે હતો. જે દરમિયાન બે અજાણ્યા લૂંટારૂઓ આવ્યા હતા, અને ધાકધમકી આપી, ભય બતાવી ફરીયાદીના હાથમાં પહેરેલું રૂપિયા ૨૦,૦૦૦ ની કિંમત



નું ચાંદી નું કડું અને તેના ખીસ્સામાં રહેલો રૂપિયા ૧૦,૦૦૦ ની કિંમત નાં મોબાઇલ ફોન ની લુંટ ચલાવી પલાયન થઈ ગયા હતા.આ બનાંવ અંગે પોલીસ માં ફરિયાદ નોંધાવી હતી.આથી પોલીસે જુદા જુદા સીસીટીવી કેમેરા ની મદદથી લૂંટારૂઓ ને શોધી લેવા માટેની કવાયત શરૂ કરી હતી જેમાં આખરે સફળતા મળી છે.અને ખાનગી રાહે બાતમીદાર મારફતે હકીકત મળેલ કે ઉપરોક્ત ગુન્હાના કામે લૂંટ કરનાર બન્ને ઇસમો અશોક સમ્રાટનગર થી ખોડીયાર કોલોની શાક માર્કેટ તરફ આવતા હોય અને લૂંટ કરેલ મુદામાલ સગેવગે કરવાની ફીરાક માં છે. તેવી હકીક્ત આધારે વોચમાં રહી આરોપી જયસુખભાઈ જેન્તીભાઈ તંબોલીયા ( ઉ.વ.૩૨ ધંધો મજૂરી રહે અંધાશ્રમ ફાટક પાસે યુવરાજસીંહ ના ડેલા માં જામનગર અને ચેતનભાઈ દેવરામભાઈ જાદવ ( ઉ.૩૭ , રહે. યુવરાજસીંહ ના ડેલા માં અંધાશ્રમ ફાટક પાસે જામનગર) ને લુંટ નાં મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા.

# મોરબીના ગૌ રક્ષકોની સરાહનીય કામગીરી:કચ્છથી અમદાવાદ કતલખાને લઈ જવાતા ૩૫ પશુને બચાવી લેવાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના ગૌ રક્ષકોએ બાતમીને આધારે માળીયા(મી) નજીક અણિયારી ટોલનાકા પાસેથી કચ્છથી અમદાવાદ આઇસર ગાડીમાં કતલખાને લઈ જવાતા ૩૫ પાડાને બચાવી લઈ માળીયા(મી) પોલીસ મથકમાં આઇસર ગાડીના ચાલક તથા તેની સાથેના અન્ય એક સહીત બે આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે બંને આરોપીઓ સામે પશુ પ્રત્યે ક્રૂરતા પ્રતિબંધ અધિનિયમ હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મોરબીના દરબાર ગઢ પાસે આવેલ વેરાઈ શેરીમાં રહેતા ગૌ રક્ષક ચેતનભાઈ ચંદ્રકાંતભાઈ પાટડીયાએ માળીયા(મી) પોલીસ મથકમાં આરોપી ઇમ્તીયાઝ અજીજબજાઈ મેમણ ઉવ.૪૪ રહે.અમદાવાદ દાણી લીમડા તથા કદરભાઈ હુસેનભાઇ કુરેશી ઉવ.૪૪ રહે.અમદાવાદ દાણી લીમડા નાગોરી ચાલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે અમને ખાનગીરાહે બાતમી મળી હતી કે કચ્છથી આઇશર ગાડી નં.ત્રઙ-૧૮-



ઇઝ-૬૨૫૮માં તાલપત્રી બાંધી પશુઓ ભરી અમદાવાદ ખાતે લઇ જવામાં આવી રહ્યા છે. જે બાતમીના આધારે માળીયા(મી)-હળવદ હાઇવે રોડ અણિયાળી ટોલ નાકા પાસે વોચમાં હોય તે દરમિયાન ખાખરેચી ગામની સીમના રોડ પર આઈશર ગાડી આવતા તેને અટકાવી માળીયા પોલીસને જાણ કરી આઇશર ગાડીમાં તાલપત્રી હટાવી ચેક કરતા ટૂંકા દોરડા વડે બાંધેલ ૩૫ નંગ પાડા મળી આવ્યા હતા. જેથી પકડાયેલ આઇસર ગાડીના ચાલકને પાડા ભરવા બાબતનું પોલીસે આધાર પુરાવા, પરમીટ કે પ્રમાણપત્ર માગતા નહી હોવાનુ જણાવ્યુ હતુ. ત્યારે અબોલ પશુઓને અમદાવાદ ખાતે કતલખાને લઇ જવાના હોવાની આઇસર ગાડીના ચાલક તથા તેની સાથેના ક્લીનરે કબૂલાત આપતા માળીયા(મી) પોલીસે દયનીય હાલતમા ટુકા દોરડાથી ક્રુરતા પુર્વક કતલખાને લઇ જવાના ઇરાદે ભરેલ કુલ ૩૫ પાડા જેમા એક પાડાની કીમત આશરે રૂ.૨૦૦૦ લેખે ૩૫ (પાંત્રીસ) પાડાની કીંમત રૂ.૭૦,૦૦૦ તથા આઇસર ગાડી નં. ત્રઙ-૧૮-ઇઝ-૬૨૫૮ ની કિ.૨ લાખ ગણી કુલ રૂ. ૨,૭૦,૦૦૦/- નો મુદામાલ કબ્જે કરી પકડાયેલ બંને આરોપીઓ વિરુદ્ધ પશુ પ્રત્યે ક્રૂરતા પ્રતિબંધ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં હરિયા કોલેજ નજીક માર્ગ પર ઓઇલ ઢોળાયું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં હરિયા કોલેજ નજીક માર્ગ પર ઓઇલ ઢોળાયું હતું. આથી વાહનચાલકો સ્લીપ થયા હતાં. તંત્ર દ્વારા માર્ગ પર ધૂળ પાથરવામાં આવી હતી. જો કે, મોટી દુઘર્ટના સહેજમાં ટળી હતી.શહેરમાં આશાપુરા હોટલથી હરિયા કોલેજ માર્ગ પર પસાર થતાં કોઇવ વાહનમાંથી રવિવારે સવારે ઓઇલ ઢોળાયું હતું. આથી આ માર્ગ પરથી પસાર થતાં વાહનચાલકો સ્લીપ થયા હતાં. બનાવની જાણ થતાં તંત્રએ તાકીદે





માર્ગની સફાઇ કરી જે માર્ગ પર ઓઇલ ઢોળાયું હતું ત્યાં ધૂળ પાથરી વાહનવ્યવહાર પૂર્વવત કરાવ્યો હતો. અત્રે નોંધનીય છે કે, થોડા દિવસો પૂર્વે પણ નજીકના માર્ગ પર ઓઇલ ઢોળાતા અનેક વાહનચાલકો સ્લીપ થયા હતાં.

# અમદાવાદ-જામનગર વંદે ભારત એક્સપ્રેસ ઓખા સુધી લંબાવવામાં આવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ-જામનગર વંદે ભારત સુપરફાસ્ટ એકસપ્રેસને ઓખા સ્ટેશન સુધી લંબાવવામાં આવી રહી છે. માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૨મી માર્ચ, ૨૦૨૪ના રોજ સવારે ૦૯:૦૦ કલાકે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા અમદાવાદ-જામનગર વંદે ભારત એક્સપ્રેસના ઓખા સુધીના વિસ્તરણને લીલી ઝંડી દેખાડશે.

ટ્રેન નંબર ૦૯૪૨૬ ઓખા-અમદાવાદ વંદે ભારત સુપરફાસ્ટ એક્સપ્રેસની શરૂઆતની ઉદઘાટન ની ટ્રીપ ને ૧૨ માર્ચ, ૨૦૨૪ના રોજ દ્વારકાથી અમદાવાદ સુધી ચલાવવામાં આવશે. ટ્રેન નંબર ૨૨૯૨૫ અમદાવાદ-ઓખા વંદે ભારત સુપરફાસ્ટ એક્સપ્રેસનું નિયમિત સંચાલન ૧૩ માર્ચ, ૨૦૨૪થી શરૂ કરવામાં આવશે. આ ટ્રેન મંગળવાર સિવાય દરરોજ અમદાવાદથી




૧૮:૧૦ કલાકે ઉપડશે, દ્વારકા તે જ દિવસે ૨૩.૫૪ કલાકે પહોંચી ને ૨૩.૫૯ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૦૦:૪૦ કલાકે ઓખા પહોંચશે.

તેવી જ રીતે, રિટર્ન માં, ટ્રેન નંબર ૨૨૯૨૬ ઓખા-અમદાવાદ વંદે ભારત સુપરફાસ્ટ એક્સપ્રેસ નું નિયમિત સંચાલન ૧૪ માર્ચ, ૨૦૨૪ થી શરૂ કરવામાં આવશે. આ ટ્રેન ઓખાથી બુધવાર સિવાય દરરોજ ૦૩:૪૦ કલાકે ઉપડશે અને તે જ દિવસે ૦૪.૦૫ કલાકે દ્વારકા પહોંચી ને ૦૪.૧૦ કલાકે ઉપડશે અને ૧૦:૧૦ કલાકે અમદાવાદ પહોંચશે.

આ ટ્રેન બંને દિશામાં સાબરમતી, સાણંદ, વિરમગામ, સુરેન્દ્રનગર, વાંકાનેર, રાજકોટ, જામનગર અને દ્વારકા સ્ટેશને ઉભી રહેશે. ઉપરાંત, બંને દિશામાં જામનગર અને અમદાવાદ વચ્ચેના કોઈપણ સ્ટેશનના આગમન-પ્રસ્થાનના સમયમાં અથવા સ્ટોપેજમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. આ ટ્રેનમાં એસી ચેર કાર અને એક્ઝિક્યુટિવ ચેર કાર કોચ હશે.

# ગુરગઢ દરગાહના બે મુંજાવરોની ધતિંગલીલા બંધ કરાવતું વિજ્ઞાન જાથા

## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૨૫ વર્ષથી ચાલતી કપટલીલાનો પર્દાફાશ કરતું જાથા: બંને મુંજાવરોએ કબુલાતનામુ આપી કાયમી ધતિંગલીલા બંધની કરી જાહેરાત, મુંજાવર હાજીબાપુ અને બસીરબાપુએ માફી માંગી

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અમદાવાદ:- દેવભૂમિ ધ્વારકા જિલ્લામાં રાણ-નવાગામ પાસે ગાગા ગુરગઢ દરગાહમાં મુંજાવર હાજીબાપુ અને બસીરબાપુ ની ૨૫ વર્ષથી ચાલતી દોરા-ધાગા,ભભૂતી, મંત્રેલું પાણી આપી રોગ મટાડવાની ધતિંગલીલા ભારત જન વિજ્ઞાન જાથાની ટીમે કલ્યાણપુર પોલીસ સ્ટેશનની મદદથી ૧૨૪૬ મો સફળ પર્દાફાશ કર્યો હતો. બંને મુંજાવરોએ કબુલાતનામુ આપી કાયમી કપટલીલા બંધની જાહેરાત કરી લોકોની માફી માંગી લીધી છે.

બનાવની વિગત પ્રમાણે મુસ્લિમ પ્રતિનિધમંડળ રાજકોટ સ્થિત વિજ્ઞાન જાથાના કાર્યાલયે રૂબરૂ આવી માહિતી આપી તેમાં કલ્યાણપુર તાલુકાના ભાટીયા પાસેના ગુરગઢમાં જલાલશા પીરની દરગાહ આવેલી છે. દર શુક્રવારે વારા ફરતી રીતે હાજીબાપુ સદરમીયા બુખારી અને બસીર ઉસ્માનભાઈ બુખારી દરગાહની આડમાં છેલ્લાં ૨૫ વર્ષથી દોરા-ધાગા, રોગ મટાડવા, ભભૂતી, લાલ-લીલા-કાળા દોરા આપવા મંત્રેલુ પાણી,





દુ:ખી લોકોની સમસ્યાઓનું નિરાકરણ નું કામ કરે છે. વાસ્તવમાં આ બધુ ધતિંગ માનવ જીંદગી સાથે ખિલવાડ કરે છે. બંને મુંજાવરોને તગડી રકમની કમાણી આવતી હોય આર્થિક સધ્ધર થઈ જવાના કારણે અમારું માનતા નથી. નિર્દોષ લોકોનો ભોગ લેવાય છે. સિકકા ગામની એક છોકરીનું મોત મોડી સારવાર કરવાથી થયું છે તેવું જાણવા મળ્યું છે. બસીરબાપુ પોતે ડાયાબીટીસ બીપીના દર્દી છે તે રાજકોટ જલારામ હોસ્પીટલમાં નિયમિત સારવાર કરી દવા કરે છે. બીજા દર્દીઓને સાજા કરવાનું નાટક કરી દરગાહ ઉપર પાણીનો શીશો ફેરવી તેમાં ભભૂતી નાખી સાજા કરવાનું તર્કટ કરે છે. મેડિકલ સારવામાં અવરોધ નું કામ કરે છે. અમુકને પશુબલી કરવી પડશે, ન્યાજના નામે રૂા. ૧૦,૦૦૦/- થી ૫૦,૦૦૦/- નો ખર્ચ કરાવે છે. પીડીત લોકોની આર્થીક સ્થિતી પ્રમાણે રૂપિયા પડાવે છે. જોવડાવવા આવેલા લોકો દાન પેટીમાં રકમ નાખે છે તેનો ઉપભોગ બંને

મુંજાવરો કરે છે. કામ ધંધો કરતા નથી. દરગાહની આવક છે. દોરા-ધાગા, તાવીજ કમાણીનું સાધન બનાવી દીધું છે. મુસ્લિમ સમાજનો ટેકો નથી. કુરાનમાં અંધશ્રધ્ધા મનાઈ ફરમાવી છે. ધર્મ વિરૂધ્ધ બંને સેવા-પૂજાના નામે લોકો સાથે છેતરપીંડી કરી ભાવનાઓ સાથે ખિલવાડ કરે છે તે બંધ કરાવવા જાથામાં રૂબરૂ રજુઆત છે. પુરાવામાં જોવાનું તર્કટ નો વિડિયો રજુ કર્યો હતો. દર્દીને સારુ થતુ નથી. હિન્દુઓ વધુ આવે છે. રીક્ષા-ટેમ્પોવાળાનો ધંધો ચાલે છે.

વિજ્ઞાન જાથાના ચેરમેન એડવોકેટ જયંત પંડયાએ માહિતી ના આધારે ખરાઈ કરવા છેલ્લા બે માસથી પુરાવા એકત્ર કર્યા જરૂર લાગે તો ફરિયાદી-સાક્ષીઓની નામાવિલ તૈયાર રાખી અને દરગાહની આડમાં લોકો સાથે આર્થિક છેતરપીંડી, જીંદગી સાથે ખિલવાડ હોવાની હકિકત આવતા પર્દાફાશ કરવાનું મન મનાવી લીધુ.

જાથાના પંડયાએ મુખ્યમંત્રી, અધિક મુખ્ય સચિવ ગૃહ, પોલીસ મહાનિર્દેશક, આઈ.જી.પી. જિલ્લા પોલીસવડા, કલેકટર સહિતને પત્ર પાઠવી બંને મુંજાવરોના પર્દાફાશ માટે કલ્યાણપુર પોલીસ સ્ટેશનના સ્ટાફની માંગણી કરી વિગત આપી. જાથાની રજુઆતના પગલે પોલીસ તંત્રે ભાટીયા આઉટ પોલીસ ચોકી સહિત સ્ટેશનનો પોલીસ સ્ટાફ ફાળવી દીધો.

રાજકોટથી જાથાના જયંત પંડયા વડપણ હેઠળ ગુલાબસિંહ ચૌહાણ, રોમિત રાજદેવ, અંકલેશ ગોહિલ, દિલીપભાઈ ગોહેલ, જયશ્રીબેન, ભાનુબેન ગોહિલ ભાણવડથી રમેશભાઈ મારૂ, નિલેશભાઈ સગર, સ્થાનીક કાર્યકરોને સુચના મોકલી પર્દાફાશ માટે રવાના થયાં.

જાથાએ જિલ્લા પોલીસ વડા નિતેષ પાન્ડેયની પ્રશંસા કરી હતી જિલ્લા કન્ટ્રોલ રૂમ, એલ.આઈ.બી. કલ્યાણપુર પોલીસ સ્ટેશન નો વિશેષ આભાર માન્યો હતો, પર્દાફાશમાં જોડાયેલા પોલીસ સ્ટાફની ઉત્તમ કામગીરીને ધ્યાને રાખી રાજય સરકારને સરાહનાની જાણ થશે..

# ૨૬ મી જાન્યુઆરીએ પૂર્ણા યોજનાનો ટેબલો પ્રદર્શિતની ગ્રાન્ટ ફાળવવામાં આઈ.સી.ડી.એસ તંત્રના ઠાગાઠૈયા

## આઇ.સી.ડી.એસના જિલ્લા કક્ષાના આઉટસોર્સિંગ ક્લાર્કની મનમાની







**મુખ્ય સમાચાર, નિલેષ સોલંકી**

**ઢાંક:** રાજકોટ જિલ્લા મા ગત ૨૬ જાન્યુઆરી મા જિલ્લા કક્ષા નો કાર્યક્રમ ઉપલેટા ખાતે યોજાયો હતો.

આ જિલ્લા કક્ષાના કાર્યક્રમ મા ઉપલેટા આઇ.સી.ડી.એસ વિભાગ દ્વારા પૂર્ણા ટેબલો નુ પ્રદર્શિત કરવા મા આવ્યા હતા જેની પૂર્ણા અંગે ગ્રાન્ટ જિલ્લા આઇ.સી.ડી.એસ કચેરી થી ફાળવણી કરવાની હોય છે આટલો બધો લાંબો સમય વીતી ગયો હોવા છતા આજ દિન સુધી મા આ ગ્રાન્ટ ફાળવવામાં આવી નથી.

અંગત સૂત્રો પાસેથી જાણવા મળતી વિગતો મુજબ કે રાજકોટ જિલ્લા આઇ.સી.ડી.એસ કચેરી મા આઉટસોર્સિંગ થી કામ કરતા ક્લાર્ક પોતાની મનમાની ચલાવે છે જેના કારણે ગ્રાન્ટ ફાળવવામાં વિલંબ થઈ રહ્યો છે તો શુ જિલ્લા પ્રોગ્રામ ઓફિસર આ બાબતે અજાણ હશે?

# જામનગરમાં સરિતા ગીર ગૌસંવર્ધન કેન્દ્ર ખાતે બ્રીડ મલ્ટિપ્લિકેશન ફાર્મનું ઉદઘાટન કરતાં પરસોત્તમભાઈ રૂપાલા







**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં. કેન્દ્રીય મંત્રી પરસોતમભાઈ રૂપાલાએ જામમગગર જિલ્લાના મિયાત્રા ગામે આવેલ સરિતા ગીર ગૌસંવર્ધન કેન્દ્ર ખાતે નિર્માણ કરવામાં આવેલ બ્રીડ મલ્ટિપ્લિકેશન ફાર્મનું ઉદઘાટન કર્યું હતું. આ પ્રસંગે મંત્રી સાથે રાજ્યના કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા, જિલ્લા પંચાયત પ્રમુખ મેયબેન ગરસર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી પરસોતમભાઈ રૂપાલાએ જણાવ્યું હતું કે પહેલાના સમયમાં ગૌ સેવા અને ગૌ સંવર્ધન એ આપણા જીવનનો મુખ્ય ભાગ હતો પરંતુ સમય જતા પશુપાલનથી આપણું અંતર વધતું ગયું અને જેના પરિણામે આજે કુપોષણ જેવા દૂષણનો આપણે સામનો કરી રહ્યા છીએ.ત્યારે ફરીથી પશુપાલન અને ગૌ સેવા તરફ વળવા આહવાન કરતા મંત્રીએ જણાવ્યું કે નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ સરકારે પણ ગૌસંવર્ધનના મહત્વને સમજી પશુપાલન નામે નવીન વિભાગ જ શરૂ કરાવ્યો છે. અને તમામ પ્રકારના પશુઓનું રક્ષણ અને સંવર્ધન થાય તે માટે ૧૩ હજાર કરોડનો પ્રોજેક્ટ દેશને અર્પણ કર્યો છે. પરિણામે આજે પશુઓને મફત વેક્સિન,૧૯૬૨ પશુ એમ્બ્યુલન્સ, પશુ દવાખાના સહિતની સુવિધાઓ દેશના ખૂણે ખૂણે મળતી થઈ છે. ભારતના અર્થતંત્રના કેન્દ્રબિંદુમાં આગામી સમયમાં ગૌમાતા હશે તે બાબત નિશ્ચિત છે તેમ પણ તેઓએ ઉમેર્યું હતું.આ પ્રસંગે કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે ગૌસેવાની ભારત સરકાર નોંધ લે અને સન્માનિત કરે એ ગૌ સંવર્ધન માટે ખૂબ મોટી બાબત છે.એન.ડી.ડી.બી. અને ભારત સરકારના સહયોગથી નિર્મિત આ પ્રોજેક્ટને કેન્દ્ર સરકાર દ્વારા બે કરોડ જેટલી સબસીડી અપાઇ અને આજે આધુનિક ટેકનોલોજીથી યુક્ત સૌ પ્રથમ બ્રીડ મલ્ટિફિકેશન કેન્દ્ર દેશને મળવા જઈ રહ્યું છે. આ સ્થળ ગૌ સેવાની સાથે સાથે પ્રવાસન સ્થળ તરીકે પણ વિકસે તે માટે રાજ્ય સરકાર તમામ પ્રકારની મદદ માટે હરહંમેશ તૈયાર છે.આ પ્રસંગે અગ્રણી જીતુભાઈ લાલ, રમેશભાઈ મુંગરા, વિમલભાઈ કગથરા, મુળુભાઈ કંડોરીયા, પાલાભાઈ કરમુર, મેરામણભાઇ ભાટુ, ગૌશાળાના સંચાલક ધર્મેન્દ્રભાઈ કારાવદરા,મિતેશભાઈ લાલ, સી.આર.જાડેજા તથા બહોળી સંખ્યામાં આજુબાજુના ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# નવાગામ દિવેલીયાપરામા જુગાર ક્લબ પર દરોડોઃ૧૦ શખ્સોની ધરપકડ

## પોલીસમાં ખોટી ફરિયાદ કેમ કરે છે તેમ કહીં સોની યુવાનને શખ્સે ધોકાવ્યો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરની ભાગોળે નવાગામ આણંદપરમાં આવેલ દિવેલીયાપરામાં ચાલતી જુગાર ક્લબ પર કુવાડવા પોલીસે દરોડો પાડી જુગાર રમતા દસ પત્તા પ્રેમીઓને દબોચી લઈ રૂ.૫૨ હજારની રોકડ કબજે કરી છે.

આ અંગેની માહિતી મુજબ કુવાડવા પોલીસના પીઆઈ વી.આર.રાઠોડની સૂચનાથી પીએસઆઈ બી.વી.ભગોરા અને તેની ટીમના માણસો નવાગામ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે દિવેલીયાપરામાં રહેતો રામજી બટુક વાઘેલાના ઘરે દરોડો પાડતા આ શખ્સ બહારથી માણસો બોલાવી જુગારના સાધનો પૂરા પાડી જુગારનો અખાડો ચલાવતો હોય પોલીસે દરોડો દરમિયાન ક્લબનો સંચાલક રામજી વાઘેલા તથા જુગાર રમવા આવેલો દિલીપસિંહ તેજુભા ઝાલા, ગૌવરીશંકર મોહન શાહ, પ્રકાશ ધીરુ કમેજારીયા, અજય ભીમજી સોલંકી, મોમ બીજલ માટીયા, હરેશ મેઘજી રામાણી, કારુ જૈહા જાપડા, શ્યામ મહતો નગેન્દ્રમહતો તથા ભવાન ભૂપત ગોહિલ સહિત દસ શખ્સોની ધરપકડ કરી જુગારના પતમાંથી રોકડા રૂ.૫૨૧૫૦નો મુદામાલ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જ્યારે એક બનાવામાં પેલેસ રોડ પર જયરાજ પ્લોટમાં રહેતો ભાવેશ રસીકલાલ પારેખ નામનો સોની યુવાન ગઈકાલે મવડી મેઈન રોડ પર આર્યન ફેશન નામની દુકાન બહાર ઉભો હતો ત્યારે સોમનાથ સોસાયટીમાં રહેતો અજય તેજા માલા સહિત ચાર શખ્સોએ પોલીસમાં ખોટી ફરિયાદ કેમ કરે છે તેમ કહીં ધોકા વડે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા માલવિયાનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

# ગોકુલનગર આવાસ કૌભાંડની વીજીલન્સ તપાસ કરી પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવે

## રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા કથીત આવાસ કૌભાંડમાં સંડોવાયેલા કોર્પોરેટરના પતિદેવો વિરુદ્ધ કાર્યવાહી કરવા મ્યુ.કમિશનરને આવેદન અપાયું

**મુખ્ય સમાચાર રમાજકોટ**

શહેરના સામાકાંઠા વિસ્તારના વોર્ડ નં.૬ સંતકબીર રોડ પરના ગોકુલનગર આવાસ યોજનામાં મનપાના કોર્પોરેટરના પતિદેવો દવારા કૌભાંડ આચરવામાં આવ્યું છે. જે અંગે આજે રાજકોટ શહેર કોંગ્રેસ દવારા મનપા કમિશનરને આવેદનપત્ર સુપ્રત કરી જણાવાયું હતું કે આ સમગ્ર પ્રકરણમાં તંત્ર દવારા ડ્રો કરાયા પછી આવાસ ફાળવણીની પ્રક્રિયા સ્થગિત કરવામાં આવી છે.



(તસ્વીરઃ આનંદ જાવિયા)

જે પગલે કૌભાંડની બદબૂ આવી રહી છે. નગરસેવિકાના પતિદેવો દવારા કથિત ૧૯ ક્વાર્ટરોના તમામ પરિવારોના સભ્યોના આધારકાર્ડ લઈ તેઓ અન્ય આવાસો ધરાવે છે કે કેમ તે અંગે ખોટા સોગંદનામા કર્યા હોય બંને નગરસેવકોને પદ પરથી હટાવી સમગ્ર પ્રકરણની તપાસ કરી પોલીસ ફરિયાદ કરવામાં આવે તેમ રાજકોટ શહેર કોંગ્રેસ અતુલ રાજાણીએ જણાવ્યું હતું.

# આરએમસી યોગ સેન્ટરની બહેનો દ્વારા આંતર રાષ્ટ્રીય મહિલા દિવસની રંગારંગ ઉજવણી

**મુખ્ય સમાચાર, રાજકોટ**



રેસકોર્ષ ખાતે આવેલ આરએમસી યોગ સેન્ટર બહેનો દવારા ગઈકાલે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની રંગારંગ ઉજવણી કરાઈ હતી. છેલ્લા સાત વર્ષથી યોગગુરુ મોનાબેન ઠક્કર અને દિવ્યાબેન આચાર્યના માર્ગદર્શનમાં ચાલતા આ યોગવર્ગમાં ગઈકાલે બહેનો દવારા સુંદર રીંગ રચી આકર્ષક વર્તુળ બનાવી હમ ભી કીસીસે કમ નહીંનો સુંદર સંદેશો અપાયો હતો. નોંધનીય વાતએ છેકે કોઈપણ જાતીની પ્રેક્ટીસ વગર કાલનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં બ્લેકથીમના વસ્ત્રો પરિધાન ક્ર્યા હતા.

# ગોકુલ આવાસ યોજનાના કથિત કૌભાંડમાં દેવુબેન જાદવ પાસેથી કાયદાકીય સમિતિનું ચેરમેનપદ આંચકી લેવાયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**



શહેરના વોર્ડ નંબર ૬ ના કોર્પોરેટર દેવુબેન મનસુખભાઈ જાદવ પાસેથી મનપાની કાયદાકીય સમિતિના ચેરમેન પદનું રાજીનામું શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી દ્વારા લેવાયું હતું.દેવુબેન જાદવના પતિ અને ભાજપ અગ્રણી મનસુખભાઈ જાદવ સામે આવાસમાં ગેરરીતિઓના આક્ષેપો થતા ભાજપ દ્વારા કાર્યવાહી કરી હતી.

# જામનગરમાં શંકર ટેકરી ઉદ્યોગનગર વિસ્તારમાંથી ઈંગ્લિશ દારૂ અને બિયર સાથે બે ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના શંકર ટેકરી વિસ્તારમાં પોલીસ દ્વારા પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું હતું, દરમિયાન બે વેપારીઓ ઈંગ્લિશ દારૂ અને બિયરની હેરાફેરી કરતાં પોલીસના હાથે પકડાયા છે.જામનગરમાં માધવબાગ શેરી નંબર -૧ માં રહેતા વેપારી ચેતન મનસુખભાઈ વિસાવડીયા, તેમજ પ્રણામી સ્કૂલ પાસે રહેતો જીતેન્દ્ર અરવિંદભાઈ દામા કે જેઓ બંને શંકર ટેકરી વિસ્તારમાંથી બે નંગ ઈંગ્લિશ દારૂની બાટલી અને બે નંગ બિયરના ટીન લઈને પસાર થઈ રહ્યા હતા, જે દરમિયાન એલ.સી.બી. ટીમે બંનેને ઝડપી લીધા છે, અને તેઓ પાસેથી ઈંગ્લિશ દારૂ અને બિયરનો જથ્થો કબજે કરી લીધો છે.

# ભીડભંજન સોસાયટીમાં જુગાર રમતા પાંચ શખ્સો ઝડપાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભીડભંજન સોસાયટીમાં ગોપાલ ચોક પાસે રહેણાંક મકાનમાં ચાલતા જુગારના અખાડા ઉપર પોલીસે દરોડો પડી પતા ટીચતા પાંચ પતાપ્રેમીને ઝડપી લીધા હતા. પોલીસે જુગારના પટમાં રહેલી રૂ.૩૯,૯૨૦ ની રોકડ કબજે કરી હતી

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં ભીડભંજન સોસાયટીમાં ગોપાલ ચોક પાસે રહેતા કિરીટભાઈ ઉર્ફે ગીરીશભાઈ દુદાભાઈ વડાલીયા પોતાના ફ્લેટમાં જુગાર રમાડતા હોવાની બાતમીના આધારે યુનિવર્સિટી પોલીસે દરોડો પાડયો હતો. દરોડા દરમિયાન જુગાર રમતા કિરીટભાઈ ઉર્ફે ગીરીશ દુદાભાઈ વડાલીયા,

રાજેશભાઈ અંબાવીભાઈ કાલાવડીયા, પંકજભાઈ મુળજીભાઈ દેલવાડીયા, દિલીપભાઈ મગનભાઈ કાલાવડીયા, જીતેન્દ્રભાઈ ભનુભાઈ ધકાણને પોલોસે ઝડપી લીધા હતા. જ્યારે પોલીસે જુગારના પટમાં રહેલી રૂ.૩૯,૯૨૦ ની રોકડ કબ્જે કરી હતી. યુનિવર્સિટી પોલીસે જુગાર રમતા ઝડપાયેલા પાંચે શખ્સો વિરુદ્ધ દાખલ કરી તપાસનો દોર લંબાવ્યો છે.

# વાંકાનેરના રંગપર ગામે બંધ દુકાનમાંથી દારૂનો જથ્થો રેઢો મળ્યો

**મુખ્ય સમાચાર, વાંકાનેર**

તાલુકાના રંગપર ગામની સીમમાં સરકારી ખરાબામાં આવેલ પડતર પાન-માવાની દુકાનમાં કોઈ અજાણ્યા બુટલેગરો દ્વારા વિદેશી દારૂનો જથ્થો સંતાડી રાખ્યો હતો. લાંબા સમય બાદ દુકાનદારે દુકાન ખોલતા તેમાંથી ૫૬૪ બોટલ વિદેશી દારૂની મળી આવી હતી. અજાણ્યા બુટલેગરોએ પડતર બંધ દુકાનને દારૂનું ગોડાઉન બનાવી દીધાનું ખૂલ્યું હતું.

વાંકાનેર તાલુકાના રંગપર ગામની સીમમાં એક્યુવીટ પ્લાસ્ટ નામના કારખાનાના સામે સરકારી ખરાબામાં ભરતભાઈ વીરાભાઈ સોનારાએ બનાવેલ પાન-માવાની દુકાન લાંબા સમયથી બંધ હોય જેમાં ગઈકાલે દુકાનદારે કોઇ કામસર દુકાન ખોલતા અજાણ્યા બુટલેગરોએ દુકાનને વિદેશી દારૂનું ગોડાઉન બનાવ્યું હોવાનું સામે આવ્યું હતું. જેથી બનાવની જાણ પોલીસને કરતા તાત્કાલિક વાંકાનેર તાલુકા પોલીસ કાફ્લો ઘટનાસ્થળે દોડી જઈ તપાસ કરતાં દુકાનમાંથી ૪૭ પેટી વિદેશી દારૂમાંથી ભારતીય બનાવટની અલગ અલગ બ્રાન્ડની ૫૬૪ બોટલ વિદેશી દારૂ જેની કિંમત રૂ. ૨,૧૩,૯૦૦ ની મળી આવી હતી. જેથી પોલીસે આ બનાવમાં અજાણ્યા બુટલેગર વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# નવા બસ પોર્ટમાં બસમાં ચડતા યુવાનનો મોબાઈલ ચોરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ એસટી બસ સ્ટેશનમાં મુસાફરોના ખિસ્સા હળવા કરતી ગેંગને પોલીસે બે દિવસ પહેલા જ ઝડપી લઈ કાયદાનું ભાન કરાવ્યું છે. ત્યારે વધુ એક બનાવમાં રાજુલાના માંડળ ગામનો યુવાન રાજકોટ એસટી બસ સ્ટેશનમાં બસમાં ચડતો હતો તે દરમિયાન આંગળીના ઇલમે યુવાનના ખિસ્સામાંથી મોબાઈલ સેરવી લીધો હોવાની ઘટના પ્રકાશમાં આવતા ચકચાર મચી જવા પામી છે.

આ અંગેની માહિતી મુજબ રાજુલાના માંડળ ગામે રહેતા અને સરકારી નોકરી કરતા મનુભાઈ અરજણભાઈ કાતરીયા નામનો ૪૪ વર્ષનો યુવાન રાજકોટ એસટી બસ સ્ટેશનમાં પ્લેટફોર્મ નંબર ૧૫ ઉપર હતો તે દરમિયાન રાજકોટથી મહુવા જતી બસમાં મનુભાઈ કાતરીયા ચડતા હતા તે દરમિયાન અજાણ્યા શખ્સે ગિરદીનો લાભ લઇ મનુભાઈ કાતરીયાના ખિસ્સામાંથી રૂ.૩૦,૦૦૦ ની કિંમતનો મોબાઈલ સેરવી લીધો હતો. મનુભાઈ કાતરીયાએ પોતાના ખિસ્સામાં જોતા મોબાઈલ હાથમાં નહીં આવતા મનુભાઈ કાતરીયાએ આંગળીના ઇલમ વિરુદ્ધ એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. એ ડિવિઝન પોલીસે એસટી બસ સ્ટેશનમાં મુસાફરોના ખિસ્સા હળવા કરતી ગેંગને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# જામનગર રોડ પર નાગેશ્વરમાં પાડોશીઓ વચ્ચે મારામારીઃ ચારને ઈજા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર રોડ ઉપર આવેલા નાગેશ્વરમાં પાડોશી પરિવાર વચ્ચે મારામારી થઈ હતી જેમાં કંપતી અને માતા પુત્રને ઈજા પહોંચી હતી બંને પક્ષે સામસામે મારામારી કરનાર દંપતી અને માતા પુત્ર વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ જામનગર રોડ ઉપર આવેલા નાગેશ્વરમાં રહેતા પ્રયાગભાઈ ગીરીશભાઈ સિંધવાએ જ્યોતિબેન તિરેનભાઈ શેઠ અને તેના પુત્ર વિરુદ્ધ ગાંધીગ્રામ પોલીસ મથકમાં એ મતલબની ફરિયાદ નોંધાવી હતી કે પ્રયાગભાઈ સિંધવાના પત્ની સુરભીબેન પોતાના ઘરે હતા ત્યારે જ્યોતિબેન અને તેના દીકરાએ ઝઘડો કરી કાનના ભાગે વિખોડિયા અને બટકું ભરી લોખંડના પાઈપ વડે માર માર્યો હતો અને પત્નીને

બચાવવા વચ્ચે પડેલા પ્રયાગભાઈ સિંધવાને પણ જ્યોતિબેનના પુત્રએ પાઈપ મારી દીધો હતો.

જ્યારે વળતી ફરિયાદમાં જ્યોતિબેન તિરેનભાઈ શેઠે પ્રયાગભાઈ ગીરીશભાઈ સિંધવા અને તેમની પત્ની સુરભીબેન સિંધવા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી કે જ્યોતિબેન શેઠ પ્રયાગભાઈ સિંધવાની પાડોશમાં રહેતી તેની માતાની ખબર પૂછવા ગયા હતા. અને સુરભીબેન જ્યોતિબેનની માતા સાથે ઝઘડા કરતા હોવાથી જ્યોતિબેન મારી મોટી ઉંમરની માતા સાથે શા માટે ઝઘડો કરો છો તેવું સમજાવતા સુરભીબેન અને પ્રયાગભાઈ સિંધવા લાકડી અને છરી વડે હુમલો કર્યો હોવાનું ફરિયાદમાં જણાવ્યું છે પોલીસે સામ સામે મારામારી કરનાર દંપતી અને માતા પુત્ર વિરુદ્ધ ફરિયાદ નોંધી કાનુની તપાસનો દોર લંબાવ્યો છે.

# સેવા સહકાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મહાશિવરાત્રીનાં દિવસે પુજારીઓને પ્રસાદરૂપી ભોજન કરાવાયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**



ગત તા.૮ શુક્રવારના રોજ દેવોના દેવ મહાદેવના પાવન એટલે મહાશિવરાત્રીના દિવસે સેવા સહકાર ચેરીટેબલ ટ્રસ્ટ દવારા મોમેન્ટસ પાર્ટી પ્લોટ ખાતે આપણી સત્ય અનામત સંસ્કૃતિ ને ઉજાગર કરી નવયુવાનો માટે બોધ પાત્ર કાર્ય કરી રાજકોટના નામાંકીત મુખ્ય મંદીરોના ૧૦૧ મુખ્ય પુજારી, ભુદેવને પ્રસાદી રૂપે ભોજન કરાવી આપણી મૂળભૂત સંસ્કૃતિ અને વારસો જાળવી રાખેલ છે.

રાજકોટના તમામ મુખ્ય મંદિરોના મુખ્ય પુજારીનું આદર સત્કાર કરી તેઓનું સ્વાગત ર્ક્યુ બાદ આપણી સંસ્કૃતિ જાળવવા તમામ ભુદેવને કંકુ-ચોખાથી ચાંદલો કરી દક્ષિણા આપી અને ત્યારબાદ સ્વરૂપિ ભોજન કરાતી આર્શિવાદ ગ્રહણ ર્ક્યા.

આ સમગ્ર સાંસ્કૃતિ અને રૂઢિચુસ્ત કાર્યક્રમની જહેમત ઉઠાવી એવા સેવા સહકાર ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી અને ભાજપ અગ્રણી પાર્થરાજસિંહ ચૌહાણ, ટ્રસ્ટી હાર્દિકભાઈ ડોડીયા, ટ્રસ્ટી રવિભાલ ઝવેરી ઉપરાંત સેવા સહકાર ચેરીટેબલ ટ્રસ્ટ પરિવારના સભ્ય એવા જેનમભાઈ પટેલ, સૌરભ મક્વાણા, શબિર પઠાણ, પ્રતિક પટેલ, રાજ પટેલ, આકાશ પટેલ, ધ્રુવ અમૃતિયા, હિતેન ધામેશિયા ઉપરાંત મોમેન્ટસ પાર્ટી પ્લોટનો સહકાર મળ્યો એવા પ્રિતેશભાઈ પાડરીયા રક્ષિતભાઈ પાડરીયા અને સમગ્ર કાર્યક્રમનું માર્ગદર્શન આપી ને રૂપરેખા આપી સફળ બનાવ્યો હતો.

# મેટોડામાં જુગાર રમતા નવ શખ્સોની ધરપકડઃ રૂા.૪૩ હજારનો મુદ્દામાલ કબ્જે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મેટોડા જીઆઈડીસી ગેટ નં૧ માં આવેલ હોઈ મેક કાસ્ટીંગ પ્રા.લી નામના કારખાનાની ઓરડીમાં ચાલતી જુગાર કલબ પર મેટોડા પોલીસે દરોડો પાડીને કલબ સંચાલક સહિત નવ જુગારીઓને ધરપકડ કરી હતી. તેમજ પોલીસ રૂપિયા ૪૩.૯૦૦ની રોકડ કબ્જે કરી છે. દરોડાની વિગતો અનુસાર, મેટોડા પોલીસ મથકના પીએસઆઈ કુલદીપસિંહ ગોહિલની રાહબરી હેઠળ હેડ કોન્સ્ટેબલ યોગીરાજસિહ જાડેજા, પો.હેડ લક્કિરાજસિહ જાડેજા, રાજદિપસિહ ગોહિલ, રવુભાઈ ગીડા, જસમત માનકોલીયા, નીતીન મકવાણા તેમજ અન્ય સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે બાતમી મળી હતી સી કે, મેટોડા જીઆઈડીસી ગેટ નંબર ૧ માં આવેલ હોઈ મેક કાસ્ટી ગ પ્રા.લી નામના કારખાનાની આરોડીમાં કોઈ વ્યક્તિ બહારથી માણસો બોલાવીને જુગાર કલબ ચલાવે છે.

બાતમીના આધારે પોલીસે તપાસ કરી હકિકત વાળી જગ્યાએ રેઈડ કરતા ક્લબ સંચાલક પેરૂલ નુરૂલ ઇસ્લામ તેમજ જુગાર રમતા મહેશ બદરૂદીન અલી, નિજામ હકીમુ દીન, રાજીવબુલ જનાલુબદીને ઇસ્લામ, મોહમદ દીલદાર અલીકમીયા હુસેન, સદામ પ્યારાએલી હુસૈન, સનવર જોશનાઈ શિનાઈ હુસૈન, રહુમુદીન અબ્દુલ સમાદ, સાજીદ લાલચંદ દુલની ધરપકડ કરી હતી. તેમજ પોલીસે આરોપી પાસેથી રૂપિયા ૪૩.૯૦૦ ની રોકડ કબ્જે કરી તમામ આરોપી સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# જસદણના શિવરાજપુરમાં યુવાનનું અપહરણ કરી વ્યાજખોરોએ ધોકાવ્યો

## જાનથી મારી નાખવાની ધમકી આપી બે શખ્સોએ બળજબરીથી જમીનનું લખાણ કરાવી ફલેટમાં ગોંધી રાખ્યો

**મુખ્ય સમાચાર રાજકોટ**

જસદણ તાલુકાના શિવરાજપુર ગામના યુવાનનું બે વ્યાજખોરોએ અપહરણ કરી થાર ગાડીમાં ઉઠાવી જઈ મોતનો ભય બતાવી બળજબરીથી જમીનનું લખાણ કરાવી લઈ ફ્લેટમાં ગોંધી રાખતા બે વ્યાજખોરો સામે જસદણ પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ જસદણના શિવરાજપુર ગામે સત્યજીતનગરમાં રહેતો જયદીપ ઉર્ફે દીપો તેજાભાઈ જાપરીયા નામના યુવાને જસદણ પોલીસમાં વ્યાજખોર પ્રભાત બહાદુર જળુ અને વિરાજ કિશોર ચાવડા સામે ફરિયાદ નોંધાવી છે કે અગાઉ તેના મિત્ર વિશાલને નાણાની જરૂરિયાત ઉભી થતા વ્યાજનો ધંધો કરતો પ્રભાત જળુ પાસે એક લાખ રૂપિયા એક હજારના વ્યાજે લીધા હતા અને પરંતુ તેનો મિત્ર વ્યાજ નહીં ભરી શક્તા પ્રભાત શળુ અને વિરાજ ચાવડા વ્યાજની પઠાણી ઉઘરાણી કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા હતા ગઈકાલે સાંજના આઠ વાગ્યે ગામના પાદરે હતો ત્યારે આ બંને શખ્સો થાર ગાડીમાં આવી યુવાનને બળજબરીથી અપહરણ કરી જસદણમાં આવેલ ધરતી હાઈટસના ફ્લેટમાં લઈ જઈ મોતનો ભય બતાવી જમીનનું લખાણ કરાવી લીધુ હતું અને આખી રાત ફ્લેટની અંદર રૂમમાં પૂરી દઈ ગોંધી રાખ્યો હોવાની ફરિયાદ નોંધાવતા જસદણ પોલીસના પીઆઈ ટી.બી.જાનીએ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# આજી ડેમ ચોકડી પાસે સાળા બનેવીને આંતરી નામચીન બુટલેગરનો જીવલેણ હુમલો

## અમારા વિરૂધ્ધ પોલીસમાં કેમ ફરિયાદ કરી તેમ કહી ત્રણ શખ્સો તુટી પડયાઃ સામે ધમકી આપવાની વળતી ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભીચરી ગામ નજીક સદગુરૂ સોસાયટીમાં રહેતા યુવક અને તેના બનેવીને આજીડેમ પાસે આંતરી કુખ્યાત શખસ સહીતની ત્રિપુટીએ અમારી વિરૂધ્ધ પોલીસમાં ફરીયાદ કેમ કરી કહી ધોકા વડે જીવલેણ હુમલો કરી કારમાં તોડફોડ કરી નાસી ગયા હતા તેમજ શખસની પત્નીએ પણ મારકુટ કરી સાળા-બનેવીએ ધમકી આપ્યાની ફરીયાદ કરતા આજીડેમ પોલીસે હત્યાની કોશીષ સહીતનો ગુનો નોંધી આરોપીઓને ઝડપી લેવા મથામણ કરી હતી.

આ અંગેની માહિતી મુજબ સદગુરૂ સોસાયટીમાં રહેતા અને ડ્રાઈવીંગ કામ કરતા અશોકભાઈ ભગાભાઈ ચૌહાણએ ફરીયાદ કરી હતી જેમા આરોપી તરીકે તેના ઘર પાસે રહેતો અને અગાઉ અનેક વખત પોલીસ ચોપડે ચડી ચુકી ગયેલો પ્રતિક દિલીપભાઈ ચંદારાણા અને બે અજાણ્યા શખસોના નામ આપ્યા હતા ફરીયાદમાં જણાવ્યુ હતુ કે તે ત્થા તેના બનેવી નરેશભાઈ માવજીભાઈ માલીયા બે અલગ-અલગ કારમા પરવાર સાથે ચોટીલા જવા માટે નિકળ્યા હતા તે દરમ્યાન આગળ તેના બનેવીની કારને આજીડેમ પાસે અન્ય કારમાં આવેલા પ્રતિક સહીતના શખસે આંતરી ધોકા સાથે ધસી આવી હુમલો કરી કારમાં તોડફોડ કરી નાસી જતા બન્ને ને સારવાર માટે હોસ્પીટલમાં ખસેડાયા હતા જે અંગે પીએઆઈ સોલંકી સહીતે વધુ પુછતાછ કરતા તેના વિસ્તારમાં એક ભુરી નામની મહિલા રહેતી હોય અને તેના મકાનમાં કોઈ ખરાબ કામ થતા હોવાથી વિસ્તારવાસીઓએ પોલીસમાં ફરીયાદ કરી હતી જેનો ખાર રાખી પ્રતિક અવાર-નવાર દબાણ કરતો હોવાનુ જણાવતા પોલીસે ગુનો નોંધી આરોપીઓને ઝડપી લેવા મથામણ કરી હતી. જયારે સામાપક્ષે પણ માંડા ડુગર પાસેના તીરૂપતી સોસાયટીમાં રહેતા રિધ્ધીબેન પ્રતીકભાઈ ચંદારાણા એ ફરીયાદ કરી હતી જેમા આરોપી તરીકે વિજય રાઠોડ અને જેસો કોળીના નામો આપ્યા હતા જેમાં જણાવ્યા હતુ કે તેના પતિને કૃણાલ અને નરેશ સાથે રિક્ષા રાખવા બાબતે ઝગડો થયો હોય જેમા સમાધાન માટે બોલાવી પતિને મારકુટ કરી મારી નાખવાની ધમકી આપ્યાનુ જણાવતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

# મોરબીના નાની કેનાલ રોડને ડબલ પટ્ટી રોડ બનાવવામાં આવશે, ધારાસભ્ય કાંતિલાલ અમૃતિયાએ સ્થાનિકોને આપી હૈયાધારણા

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબીમાં પંચાસર રોડ નજીક આવેલ નાની કેનાલ રોડનું સીંગલ-પટ્ટી રોડનું કામ મોરબી નગર પાલિકા દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું જેમાં રોડ ખોદ્યા વગર અને એકદમ નબળી ગુણવતાવાળું કામ તથા અન્ય ભૂગર્ભ લાઈન નાખ્યા વગર કામ શરૂ કરી દેતા સ્થાનિકો દ્વારા આ કામ અટકાવવામાં આવ્યું હતું જે બાબત ધારાસભ્ય કાંતીભાઈના ધ્યાને આવતા કાંતીભાઈએ આજરોજ સ્થળ ઉપર પહોંચી સ્થાનિકોની તમામ માંગણી અને પ્રશ્નોને સાંભળ્યા બાદ નાની કેનાલ રોડનું અત્યારે બની રહેલ સીંગલ પટ્ટીના રોડનું કામ અટકાવી આવનાર છ માસની અંદર ભૂગર્ભના પાઇપ તથા અન્ય કેબલો નાખવાના બધા કામ પૂર્ણ કરીને રોડને ખોદીને નવો ડબલ પટ્ટી રોડ બનાવવામાં આવશે તેવી ખાતરી સાથે જાહેરાત ધારાસભ્ય કાંતિલાલ અમૃતિયા દ્વારા કરવામાં આવી હતી.

નાની કેનાલ રોડ ઉપરના સ્થાનિક રહેવાસીઓની રજૂઆતોને અને પ્રશ્નો હતા જેમાં હાલ જે સીંગલ પટ્ટી રોડનું કામ થતું હતું તે હલકી ગુણવત્તા વાળું તેમજ રોડ ખોદ્યા વિના બનતો હોવાથી અત્યંત ટ્રાફિકથી ધમધમતા આ રોડ આવનારા થોડા જ સમયમાં તૂટી જવાનો હોય તેમજ અત્યારે પંચાસર રોડનું કામ ચાલુ હોય ત્યારે ભૂગર્ભના જોડાણ તથા નવા કેબલ નાખવાની કામગીરી દરમિયાન નાની કેનાલ રોડ ઉપર તોડફોડ કરવામાં આવશે ત્યારે આ બધા કામ પૂર્ણ થયા પછી નાની કેનાલ રોડ ખોદીને નવો બનાવવામાં આવે તેવી માંગણી તથા રજૂઆતને અંતે ધારાસભ્ય કાંતિલાલ દ્વારા સ્થળ ઉપર એન્જીનીયરો સાથે મુલાકાત લઇ નવા બજેટ સાથે નાની કેનાલ રોડ ડબલ પટ્ટી રોડ બનાવવાની જાહેરાત કરતા સ્થાનિકો દ્વારા ધારાસભ્યનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત ર્ક્યો હતો.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT




# જનાના હોસ્પિટલમાં કોપર-ટી સહાય ચૂકવવામાં ભ્રષ્ટાચારની બૂ...?

## જાગૃતિ નાગરિક દ્વારા કોપર-ટી અને કરાર આધારિત કર્મચારીઓની માહિતી માંગી: હોસ્પિટલના તંત્રવાહકોએ આઈટીઆઈ એક્ટમાં છીંડા શોધી માહિતી આપવા કર્યો ઈન્કાર

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ સિવિલ હોસ્પિટલના સંચાલન હેઠળ ચાલતી અને હાલમાંજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દવારા કરોડોના ખર્ચે બનેલી જનાના હોસ્પિટલ દર્દીઓ માટે લોકાર્પણ કરવામાં આવ્યું છે. ત્યારે આ જનાના હોસ્પિટલમાં દર્દીઓ અને કર્મચારીઓને ચૂકવવામાં આવતી કોપર-ટીની સહાયમાં ભ્રષ્ટાચારની બૂ જણાતા જાગૃત નાગરિક દવારા માહિતી અધિકાર ૨૦૦૪ના કાયદા મુજબ માહિતી માંગતા હોસ્પિટલના તંત્રવાહકોએ કાયદામાં છીંડા શોધી માહિતી આપવા હાથ ઉંચા કરી દેવામાં આવ્યા હોય તેઓ આક્ષેપ થઈ રહ્યો છે.

શહેરના કોઠારિયા રોડ પર આવેલા યાદવનગરમાં રહેતા વિષ્ણુસ્વામી મિતુલ પ્રમોદકુમાર નામના જાગૃત નાગરિક દવારા બંધારણીય મળેલા હક મુજબ રાજકોટ જનાના હોસ્પિટલના તંત્રવાહકો પાસે માહિતીઅધિકારના કાયદા હેઠળ માહિતી માંગવામાં આવી હતી કે જનાના હોસ્પિટલમાં કોપર-ટીની સહાય કર્મચારી તથા દર્દીને ચૂકવવામાં આવે છે. તે સહાય છેલ્લા પાંચ વર્ષમાં જે દર્દી કે કર્મચારીને ચૂકવવામાં આવી હોય તેના નામ સરનામા, વાઉચર સહિતની માહિતી આપવી તથા આ ગ્રાંટમાંથી ચૂકવવામાં આવતી સહાય અંગેનું છેલ્લા પાંચ વર્ષમાં થયેલ ઓડિટની માહિતી આપવી.

જનાના હોસ્પિટલમાં અગિયાર માસના કરાર આધારિત તમામ કર્મચારીને કોપર-ટી સહાય પ્રોત્સાહિત રકમ ચૂકવેલ હોય તેની છેલ્લા પાંચ વર્ષની માહિતી આપવી જનાના હોસ્પિટલમાં પ્રસુકાને ચૂકવવામાં આવતી સહાય, સુવિધાના ખર્ચની પાંચ વર્ષની માહિતી આપવી તથા જનાના હોસ્પિટલમાં અન્ય સહાયોમાંથી કરવામાં આવેલ ખર્ચ અંગે થયેલ ઓડિટ રિપોર્ટ છેલ્લા પાંચ વર્ષના આપવા આ માહિતી જાગૃત નાગરિક દવારા હોસ્પિટલના તંત્રવાહકો પાસે માંગવામાં આવી હતી.

પરંતુ ભ્રષ્ટાચારની બૂ સાથે માંગવામાં આવેલી માહિતી આપવામાં હોસ્પિટલના તંત્રવાહકોએ આરટીઆઈ કાયદામાં છીંડા શોધી આ માહિતી અંગત હોય જે આપી ન શકાય તેઓ જવાબ આપવામાં આવ્યો હતો અને જનાના હોસ્પિટલમાં ચૂકવવામાં આવતી સહાય અંગે ઓડિટ થતું ન હોય તેમ જણાવ્યું હતું. તથા ૧૧ માસ કરાર આધારિત તમામ કર્મચારીઓને કોપર-ટી સહાય પ્રોત્સાહક રકમ છેલ્લા પાંચ વર્ષમાં ૭૬૩૫૦ ચૂકવવામાં આવ્યું હોય તેમ હોસ્પિટલના સંચાલકોએ જાગૃત નાગરિકને માહિતી આપી હતી.

# શહેરમાં અનેક મોબાઈલ ચોરી કરનાર બેલડી ઝડપાઈ

## એસટી બસસ્ટેશનમાં મુસાફરોના દાગીના ચોરી કરતી બે મહિલાની ધરપકડ





**મુખ્ય સમાચાર રાજકોટ**

જુના માર્કેટ યાર્ડ પાસેથી ક્રાઈમ બ્રાંચની ટીમે બેલડીને ઝડપી લઈ અનેક મોબાઈલ ચોરી અને એ ડિવિજન પોલીસે બે મહિલાને ઝડપી લઈ બસસ્ટેશનમાંથી મુસાફરોના ચોરી થયેલા દાગીનાનો ભેદ ઉકેલી નાખ્યો છે.

આ અંગેની ક્રાઈમ બ્રાંચના પીએસઆઈ ડી.સી.સાકરીયા હેડ કોન્સ.વીજયરાજસિંહ, કુલદિપસિંહ, વિજયભાઈ મેતા સહિતના સ્ટાફે જુના માર્કેટ યાર્ડ પાસે અંડરબ્રિજ થી નજીથી સંકાસ્પદ રીતે નીકળેલ મહેશ રાજુ કુવરીયા તથા ઈમ્તીયાઝ ઉર્ફે અલ્તાફ નીજામ સર્વદી નામના બે શખ્સોને દબોચી લઈ આકરી પૂછપરછ કરતા તેની પાસેથી ૧૪ ચોરાઉ મોબાઈલ અને ઓટો રિક્ષા મળી આવતા પોલીસે ૧.૬૬ લાખનો મુદામાલ કબ્જે ર્ક્યો છે.

જ્યારે એક બનાવમાં એ ડિવિઝન પોલીસને એએસઆઈ એમ.વી.લુઆ કોન્સ.જયરાજસિંહ, હરપાલસિંહ સહિતના સ્ટાફે શહેરના નવા બસસ્ટેશન પાછળથી ચાર સંકાસ્પદ મહિલાની અટકાયત કરી આકરી પૂછપરછ કરતા દાહોદની મંગી જીમાલ ભાભોર અને એમપીની મીરા આકાશ મેળા તથા કાયદાના સંઘર્સમાં આવેલ બે બાળાઓ સહિતની મહિલાઓએ બસસ્ટેશનમાંથી મહિલા મુસાફરનું મંગળસુત્ર ચોરી ર્ક્યાની કબૂલાત આપતા પોલીસે રૂ.૧ લાખનું મંગળસુત્ર કબ્જે કરી કાર્યવાહી હાથ ધરી છે.

# ગોંડલ રોડ પર રાજકમલ પેટ્રોલ પંપ પાસે રૂા.૧.૭૪ લાખનો દારૂ ભરેલી કાર ઝડપાઈ

## બે બુટલેગર પોલીસને જોઈ કાર રેઢી મુકી નાસી ગયા: શોધખોળ





**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલ રોડ રાજકમલ પેટ્રોલપંપ સામેથી ૨૧૪ બોટલ વિદેશી દારૂ ભરેલી કાર પોલીસે બાતમીના આધારે ઝડપી લીધી છે. પોલીસે જરૂરી કાર્યવાહી કરી બે શખ્સની શોધખોળ હાથ ધરી છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ એલસીબી પીએસઆઈ આર.એચ. ઝાલાના માર્ગદર્શનમાં ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે ગોંડલ રોડ રાજકમલ પેટ્રોલપંપ પાસે વિદેશી દારૂ ભરેલી કાર હોવાની મળેલી બાતમી આધારે દરોડો પાડી જીજે-૧૦- બી.જી.-૯૮૭૭ નંબરની સ્વીફ્ટ કાર પકડી લીધી હતી. દરોડા દરમિયાન ચાલક અને સિરાજ રજાકભાઈ લીંગડીયા ભાગી ગયા હતાં. પોલીસે કારની તલાસી લેતા કારમાંથી રોયલ સ્ટેગ સુપીરીયર વ્હીસકી ૨૧૪ બોટલ, રોયલ ચેલેન્જની ૮૪ બોટલો, મેકડોવેલ્સ નં.૧ની ૧૨ બોટલો અને મેકડોવેલ્સ નં.૧ના ૧૮૦ એમ એલના ચપલા નંગ- ૧૯૨ મળ્યા હતા. પોલીસે ૧,૭૪,૦૦૦નો Ini i. ૩,૫૦,૦૦૦ની કાર મળી કુલ રૂ.૫,૨૪,૨૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આરોપી સીરાજ વિરૂધ્ધ અગાઉ લોધિકા, ડીસીબી, શાપર અને તાલુકા પોલીસમાં દારૂના ગુના નોંધાઈ ચુક્યા છે.

# જાફરાબાદના ટીંબી ગામે સગાભાઈના હાથે ભાઈની હત્યા

## ભાઈએ બાઈક માંગતા નહિ આપતા સામાન્ય બાબતે બંને ભાઈઓ વચ્ચે મારામારી થઈ'તી




**મુખ્ય સમાચાર, રાજકોટ**

જાફરાબાદ તાલુકાના ટીંબી ગામે સામાન્ય બાબતે ઝઘડો થતાં હત્યામાં પલટાયો હતો. હત્યાને લઇ આસપાસના વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી. ટીંબી ગામમા આવાસ વિસ્તારમાં રહેતા નરસિંહભાઈ સરવૈયા તથા તેમના સગા ભાઇ હરજીભાઈ સરવૈયા બન્ને ભાઈઓ વચ્ચે મારા મારીનો બનાવ બનેલ. જેમા આરોપી હરજીભાઇએ મૃતક નરસિંહભાઈ પાસે બાઈક માંગતા નહી આપવાનુ મન દુ:ખ રાખીને મૂંઢ માર માર્યો અને પકડી જમીનમાં નીચે ભટકાવતા મોત થયું હતું. ત્યારબાદ આ ઘટનાની જાણ નાગેશ્રી પોલીસને થતાં પીએસઆઈ પી.વી.પલાસ સહિત પોલીસ સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો. અને મૃતકની લાશને ભાવનગર ફોરેન્સીક રીપોર્ટ માટે મોકલતા રીપોર્ટમાં માથાના ભાગે ઇજાઓ થયાનું આવતા નાગેશ્રી પોલીસ સ્ટેશનમાં આરોપી સગાભાઈ સામે નાગેશ્રી પો.સ્ટે.પાર્ટએ. ગુન્હો નોંધ્યો હતો. નાગેશ્રી પોલીસે અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંહની સુચનાથી નાયબ પોલીસ અધિક્ષક એચ.બી.વોરાના માર્ગદર્શન હેઠળ નાગેશ્રી પો.સબ.ઇન્સ પી.વી. પલાસ સહિત પોલીસ ટીમ દ્વારા હત્યા કરનાર આરોપીને પકડી પાડવા માટે અલગ અલગ ટીમો બનાવી તપાસનો ધમધમાટ શરૂ ર્ક્યો હતો. જે બાદ આરોપી હરજીભાઈ ડાયાભાઈ સરવૈયા, રહે.ટીંબી, ઇન્દીરા આવાસ સોસાયટી તા.જાફરાબાદ, જી.અમરેલી હત્યા કરનાર નાનાભાઈને પોલીસે ગણતરીના કલાકોમાં જ ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જસદણની સગીરાનું અપહરણ કરનાર સુરેન્દ્રનગરથી ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જસદણ પંથકમાંથી સગીરાનું અપહરણ કરી ફરાર થયેલા આરોપીને સુરેન્દ્રનગર ખાતેથી ઝડપી લેવામાં આવ્યો છે. આરોપીના સગડ મેળવવા એલસીબીને સુચના હોઈ ટીમ કામે લાગી હતી એવામાં આ આરોપી આવવાનો હોવાની બાતમી મળતાં ટીમ ત્રાટકી હતી.

રાજકોટ એલ.સી.બી.ની ટીમ, જસદણ પોલીસની ટીમ અને એ.એચ.ટી.યુ. ટીમ અલગ-અલગ દિશામાં પ્રયત્નશીલ હતી. તે દરમિયાન જસદણ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ. સાગરભાઈ મકવાણા અને પો.કોન્સ. જયદેવભાઈ કીડીયાને બાતમી મળી હતી કે, સગીરાનું અપહરણ કરનાર આરોપી નવઘણ કરમશી પોરડીયા (ઉ.વ.૨૪) (રહે-ઈન્દીરાનગર, પાટડી, જિ. સુરેન્દ્રનગર) અને ભોગ બનનાર સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી ખાતે આવવાના છે. જેથી પોલીસે બાતમી વાળી જગ્યાએ જઈ તપાસ કરતા આરોપી નવઘણ કરમશી પોરડીયા અને ભોગ બનનાર સગીરાને પાટડીથી શોધી કાઢી અપહરણ કરનાર શખ્સ સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

# જૂનાગઢ-ધોરાજી હાઈ-વે પર એસએમસી ત્રાટકી: રૂા.૫.૮૦ લાખના દારૂ સાથે બે ઝડપાયા

## સ્થાનિક પોલીસને ઉંઘતી રાખી સ્ટેટ મોનિટરીંગ સેલએ દરોડો પાડી ૨૭૩૦ બોટલ અને બોલેરો સહિત રૂા.૧૦.૮૨ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો




**મુખ્ય સમાચાર, રાજકોટ**

સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે રાજયભરમાં બુટલેગરો અને જુગારીઓ ઉપર સપાટો બોલાવ્યો હોય તેમ અવાર નવાર સ્થાનિક પોલીસને ઊંઘતી રાખી અનેક જગ્યાએ દરોડા પાડી વિદેશી દારૂ અને જુગારના અખાડાઓ ઝડપી રહી છે. ત્યારે જુનાગઢ ધોરાજી હાઇવે ઉપર આવેલા સુખપુર ગામે ગોડાઉનમાં સંતાડેલા વિદેશી દારૂના જથ્થા ઉપર સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમ ત્રાટકી હતી અને રૂ.૫,૮૦,૪૪૦ ની કિંમતની ૨,૭૩૦ બોટલ વિદેશી દારૂ અને બોલેરો પીક અપ વાન મળી રૂ.૧૦,૮૨,૪૪૦ ના મુદ્દામાલ સાથે ચાર શખ્સને ઝડપી લીધા હતા.

જુનાગઢ-ધોરાજી હાઇવે ઉપર આવેલા સુખપુર ગામે જય ઈન્ડસ્ટ્રીઝ પાર્ક ફેસ નંબર ત્રણના વેરહાઉસમાં આવેલ ગોડાઉનમાં વિદેશી દારૂનો જથ્થો વેચાણ અર્થે ઉતાર્યો હોવાની બાતમીના આધારે સ્ટેત મોનિટરીંગ સેલના પીએસઆઈ આઈ.એસ. રબારી સહિતની ટીમે દરોડો પાડયો હતો દરોડા દરમિયાન પોલીસે ચેનરામ ભેરારામ, અરવિંદ મારવાડી, લખન મેરૂ ચાવડા અને બોલેરો પીકઅપના ચાલકને ઝડપી લીધા હતા. પોલીસે તપાસ હાથ ધરતા રૂ.૫,૮૦,૪૪૦ ની કિંમતની ૨,૭૩૦ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો. સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે વિદેશી દારૂ અને પીકઅપ વાન મળી રૂ.૧૦,૮૨,૪૪૦નો મુદ્દામાલ કબજે ર્ક્યો હતો. અને ઝડપાયેલા ચારેય આરોપીઓ વિરુદ્ધ જુનાગઢ તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવા તજવીજ હાથ ધરી હતી.

# મણિનગર પોલીસે નામચીન પરપ્રાંતિય શખ્સને દબોચી લઈ અનેક ગુનાના ભેદ ઉકેલ્યા




**મુખ્ય સમાચાર, રાજકોટ**

અમદાવાદ શહેર જે ડિવિઝનના એસીપી પ્રદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ સ્થાનિક મણિનગર પોલીસ સ્ટેશનના પીઆઈ ડી.પી.ઉનડકટ, ડી સ્ટાફના પીએસઆઇ એસ.આઇ. પટેલ તથા સ્ટાફના હે.કો. મહેન્દ્રસિંહ, પો.કો. અર્જુનસિંહ, મનીષભાઈ, દશરથસિંહ, જામાભાઇ, અનિલભાઈ, દેવુસિંહ, સહિતની પોલીસ ટીમ દ્વારા મળેલ ચોક્કસ બાતમી આધારે આરોપી વિકાસ ઉર્ફે રાજન રામકિશોર રામ અભિલાખ શુક્લા (ઉવ. ૨૫ રહે. રાજકુમારની ચાલી, મહાવીરનગર, હાટકેશ્વર, અમદાવાદ મૂળ રહે. સેમોરી ગામ થાના કોતુલગંજ તા.જી. બારાબંકી ઉત્તરપ્રદેશ) ને રાઉન્ડ અપ કરી, પૂછપરછ કરવામાં આવતા, આરોપી દ્વારા કોઈ સંતોષકારક જવાબ નહિ આવતા, પકડાયેલ બને આરોપીઓના નામ આધારે પોકેટ કોપ એપ્લિકેશન માં સર્ચ કરવામાં આવતા, પકડાયેલ આરોપી વિકાસ ઉર્ફે રાજન શુક્લા ભૂતકાળમાં પણ અમદાવાદ શહેરના મણિનગર, ઈસનપુર, ખોખરા, અમરાઈવાડી, રામોલ પોલીસ સ્ટેશન તથા રામોલ પોલીસ સ્ટેશન ખાતે વાહન ચોરી, પર્સ સ્નેચિંગ, મારામારીના ૧૭ જેટલા ગુનાઓમાં પકડાયેલ વાહન ચોર નીકળતા, પ્રાથમિક તપાસમાં જાણવા મળતા, મણિનગર પોલીસ ટીમ દ્વારા પોલીસની ભાષામાં પૂછપરછ હાથ ધરતા, મણિનગર ખાતે તાજેતરમાં વાહન ચોરી કર્યાની કબૂલાત કરવામાં આવેલ હતી અને પૂછપરછ દરમિયાન મણિનગર પોલીસ ટીમ દ્વારા મણિનગર પોલીસ સ્ટેશનના ખાતેના વાહન ચોરીના મુદામાલ સહિત ત્રણ મોટર સાયકલ તેમજ ત્રણ મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૧,૩૪,૦૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ છે. પકડાયેલ આરોપીને મણિનગર પોલીસ સ્ટેશન ખાતે લાવી, ધરપકડ કરવામાં આવેલ છે. પકડાયેલ આરોપીની પૂછપરછ દરમિયાન મણિનગર પોલીસ સ્ટેશનના પાંચ (૦૫) તથા ઈસનપુર અને રામોલ પોલીસ સ્ટેશન ખાતેના કુલ સાત (૦૭) વાહન ચોરી અને પર્સ સ્નેચીંગ ના ગુન્હાઓ શોધી કાઢવામાં આવેલ છે....

# બિલ્ડીંગના પાર્કિંગમાં ઉભેલા પ્રૌઢ પર ચોકીદાર સહિત ત્રણનો હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં કાલાવાડ રોડ ઉપર આવેલી સૂર્યોદય સોસાયટી મેઈન રોડ ઉપર રાધે ક્રિષ્ના એપાર્ટમેન્ટમાં રહેતા અને મવડી ચોકડી પાસે આવેલ આર.કે. એમ્પાયર નામના બિલ્ડિંગમાં આઈ.ટી. સોફ્ટવેર બનાવવાનું કામકાજ કરતા વેપારી નિરજભાઈ દેવરાજભાઈ કનેરીયા નામના આધેડ બિલ્ડીંગના કમ્પાઉન્ડમાં કારની વેઈટ કરી ઉભા હતા ત્યારે ચોકીદાર સહિત બે શખ્સોએ તું મારી ભાઈ સામે કેમ ઊંચા આવા જે વાત કરે છે તેમ કહી પાઈપ વડે હુમલો કર્યો હતો હુમલામાં ઘવાયેલા વેપારીને સારવાર માટે ખાનગી ખસેડવામાં આવ્યા હતા. હુમલામા થવાયેલા વેપારીએ હુમલાખોર ચોકીદાર સહિત બંને શખ્સ વિરુદ્ધ માલવીયાનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી માલવીયાનગર પોલીસ મથકના પી.એસ.આઈ. ડી.એસ. ગજેરા સહિતના સ્ટાફે ફરિયાદના આધારે કાનૂની તપાસનો દોર લંબાવ્યો છે.

# વિંછીયાના પાટીયાળી ગામે ખેડૂતની હત્યા કરનાર ત્રણને આજીવન કેદની સજા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વીંછિયા પંથકના પાટીયાળી ગામે ખેતર ઢોર બહાર કાઢવા મુદ્દે ખૂની ખેલ ખેલાયો હતો.જેમાં ઓથાભાઈ જેમાભાઈ તાવિયાનું મોત નિપજ્યું હતું. આ કેસમાં કોર્ટએ ત્રણેય આરોપીઓને આજીવન કેદની સજા ફટકારી હતી.

કેસની વિગતો અનુસાર, ગત તા ૨૫/૧૦/૨૦૧૭ ના રોજ રાત્રીના સમયે પાટીયાળી ગામે આરોપી વાલજી રણછોડ તાવીયા, ભના ઉર્ફે કાળુ રણછોડ તાવીયા, અને હરેશ વાલજી તાવીયા એ ફરીયાદી રાજેશ ઓઘાભાઈ તાવીયાના ખેતરમાં પોતાના ઢોર ચરવા માટે છુટા મુકી દીધેલ હતા. ફરિયાદીએ પોતના ખેતરમાંથી ઢોરને તગેડી મૂક્યા જેનો ખાર રાખીને ત્રણેય આરોપીઓ ફરિયાદી તેમજ તેમના સબંધી પર હુમલો કરતા ઓથાભાઈ જેમાભાઈ તાવિયાનું મોત નિપજ્યું હતું. બનાવ અંગે વીંછિયા પોલીસે ત્રણેય આરોપીની અટક કરી જેલ હવાલે કર્યા હતા. પોલીસે કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી હતી.

આ કેસ સેશન્સ કોર્ટમાં ચાલવા ઉપર આવતા ફરિયાદી પક્ષે રહેલા સરકારી વકીલે કરેલ ધારદાર દલીલો તેમજ રજૂઆત કરેલ તેમજ આરોપીઓની ગુનાહિત માનસિકતા, આરોપીઓ સામેના વૈજ્ઞાનિક પુરાવાઓ રજૂ કરતા સેશન્સ કોર્ટના જજ બી. બી. જાદવે આરોપી વાલજી રણછોડ તાવીયા, ભના ઉર્ફે કાળુ રણછોડ તાવીયા અને હરેશ વાલજી તાવીયાને ખૂનના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવી આજીવ કેદની સજા ફરમાવેલ છે. આ કેસમાં સરકાર પક્ષે મુખ્ય જિલ્લા સરકારી વકીલ એસ.કે વોરા અને મૂળ ફરિયાદી વતી એડવોકેટ મેઘરાજસિહ ચુડાસમા રોકાયેલ હતા.